મંગળવાર, 20 જાન્યુઆરી, 2026 મહા સુદ બીજ | વડોદરા થી દર શુક્રવારે પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર | ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## વાઘોડિયામાં પોલીસ અને દલાલોની મિલીભગત: નશાના કારોબારથી રહીશોમાં ભારે ફફડાટ

સંસ્કારનગરી વડોદરાના વાઘોડિયા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાણે રિયલ એસ્ટેટ એજન્ટો (બ્રોકરો) ના ખિસ્સામાં હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વાઘોડિયા પોલીસ અને સ્થાનિક દલાલોની સાંઠગાંઠને કારણે શ્યામલ કાઉન્ટી જેવી પોશ સોસાયટીઓ હવે અસામાજિક પ્રવૃત્તિઓના અડ્ડા બની રહી છે. તાજેતરમાં જ શ્યામલ કાઉન્ટીમાં પારુલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા દારૂ અને ગાંજાની પાર્ટી કરવાની ઘટના પ્રકાશમાં આવી હતી. નિયમ મુજબ મકાનમાં માત્ર 6 વિદ્યાર્થીઓની પરવાનગી હોવા છતાં, દલાલોની રહેમરાહે ત્યાં 10થી વધુ લોકો ગેરકાયદેસર રીતે વસવાટ કરી રહ્યા હતા.

સૌથી વધુ આશ્ચર્યજનક અને શંકાસ્પદ બાબત એ છે કે, આટલો મોટો નશાનો કારોબાર પકડાયા છતાં વાઘોડિયા પોલીસે કોઈ કડક દાખલો બેસાડવાને બદલે માત્ર નજીવો દંડ ભરાવી મામલો થાળે પાડી દીધો. પોલીસની આ 'નરમ' નીતિ પાછળ કોઈ મોટો આર્થિક વહીવટ હોવાની ગંધ આવી રહી છે. સોસાયટીમાં પોલીસ વેરિફિકેશન વગર જ મકાનો ભાડે આપવાનો ધંધો ધમધમી રહ્યો છે. દલાલો દ્વારા સોસાયટી કમિટીને ભાડુઆતના દસ્તાવેજો સુદ્ધાં આપવામાં આવતા નથી, જેથી કમિટીને ખબર જ નથી પડતી કે તેમના પાડોશમાં કોણ રહી રહ્યું છે. વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં વારંવાર આ મામલે ટકોર કરવામાં આવી હોવા છતાં, અધિકારીઓ માત્ર વાતો કરીને સંતોષ માની રહ્યા છે. પ્રશ્ન એ ઉભો થાય છે કે શું પોલીસ કાયદાના રક્ષક છે કે પછી દલાલોના રક્ષક? બ્રોકરોની આટલી હિંમત પાછળ પોલીસનો જ હાથ હોવાનું સ્પષ્ટ જણાય છે. આજે માત્ર નશાની પાર્ટી થઈ છે, પણ કાલે જો કોઈ આતંકી પ્રવૃત્તિ કે મોટું ખૂન-ખરાબું થયું તો તેની જવાબદારી કોની રહેશે? પોલીસ, લાલચુ મકાન માલિક કે આ બેફામ બ્રોકરો?

શહેરમાં જ્યારે હજારો બહારના વિદ્યાર્થીઓ રહેતા હોય, ત્યારે વેરિફિકેશન અને કરારના નિયમોનું આટલું ઉઘાડું ઉલ્લંઘન તંત્રની ઘોર નિષ્ફળતા દર્શાવે છે. જો વાઘોડિયા પોલીસ જાગશે નહીં, તો શ્યામલ કાઉન્ટી જેવી અનેક સોસાયટીઓના રહીશોએ ન્યાય માટે ગાંધીનગર સુધી અવાજ ઉઠાવવાની ફરજ પડશે. 'દૈનિક પલ્સ' પૂછે છે કે શું વડોદરા પોલીસ કમિશનર આ 'વહીવટ' બંધ કરાવી રહીશોને સુરક્ષા આપશે?




**વાઘોડિયાની શ્યામલ કાઉન્ટીમાં દારૂ-ગાંજાની મહેફિલ માણતા વિદ્યાર્થીઓ ઝડપાયા છતાં પોલીસની નરમ કામગીરીએ અનેક સવાલો ઉભા કર્યા છે. બેફામ બ્રોકરો અને વહીવટમાં વ્યસ્ત પોલીસ તંત્રને કારણે સોસાયટીના રહીશોની સુરક્ષા ભગવાન ભરોસે મુકાઈ છે.**

## જગાણા એકલવ્ય સ્કૂલમાં ભોજન બાદ 38 કન્યાઓ બીમાર

**દૈનિક પલ્સ સમાચાર:** પાલનપુર સ્થિત જગાણા એકલવ્ય મોડેલ રેસિડેન્સી સ્કૂલમાં ફૂડ પોઈઝનિંગના કારણે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હોસ્ટેલની 38 વિદ્યાર્થિનીઓને ઝેરી ભોજનની અસર થતા તેમને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી છે.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ભરમાલભાઈએ વિગતો આપતા જણાવ્યું હતું કે, હોસ્ટેલમાં 600 થી વધુ બાળકો અને સ્ટાફ છે, જેમાંથી હાલ 38 વિદ્યાર્થિનીઓ અસરગ્રસ્ત છે. આરોગ્ય વિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને ભોજનના નમૂના લીધા છે અને પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે ક્લોરિનેશન પણ કરવામાં આવ્યું છે. સિવિલ હોસ્પિટલના ડોક્ટર સુનિલ જોશીએ પુષ્ટિ કરી છે કે તમામ બાળકોની હાલત સુધારા પર છે.

આ ઘટના બાદ NSUI દ્વારા તીખી પ્રતિક્રિયા આપવામાં આવી છે. NSUI પ્રદેશ મહામંત્રી ઈશ્વર ડામોરે આક્ષેપ કર્યો છે કે ભૂતકાળમાં દાંતાની વેકરી આશ્રમશાળા જેવી દુર્ઘટનાઓ બની હોવા છતાં તંત્ર સજાગ થયું નથી. તેમણે જણાવ્યું કે ગરીબ અને આદિવાસી બાળકોને જે સુવિધાઓ મળવી જોઈએ તે મળતી નથી અને તેમના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવે છે. આ કિસ્સામાં બેદરકારી દાખવનાર શાળાના સ્ટાફ અને જવાબદાર અધિકારીઓ સામે ફોજદારી પગલાં ભરવાની માંગ ઉઠી છે. હાલમાં આરોગ્ય વિભાગ રિપોર્ટની રાહ જોઈ રહ્યું છે ત્યારબાદ આગળની કાર્યવાહી થશે.



**પાલનપુરની જગાણા એકલવ્ય મોડેલ સ્કૂલમાં ભોજન બાદ 38 વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગ થતા સિવિલ હોસ્પિટલ ખસેડાઈ. આરોગ્ય વિભાગ દ્વારા તપાસ તેજ.**

## જયકા ટ્રસ્ટ દ્વારા 10 હજાર વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ગાઈડ બુક

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના સામાજિક સેવા ક્ષેત્રે અગ્રેસર જયકા જનસહાયક ટ્રસ્ટ દ્વારા ધોરણ 10 ની બોર્ડની પરીક્ષા આપનારા નબળા વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ શૈક્ષણિક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. પરીક્ષાને હવે જ્યારે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે વિદ્યાર્થીઓ ગભરાટ વગર પરીક્ષા આપી શકે અને પાસ થઈ શકે તે માટે 10 હજાર ગાઈડ પુસ્તકો તૈયાર કરાવવામાં આવ્યા છે. આ પુસ્તકોમાં ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોનું 100 થી વધુ પેજનું સરળ રીડિંગ મટિરિયલ સમાવવામાં આવ્યું છે.

ટ્રસ્ટના પ્રમુખ ધર્મેશ પંડ્યાએ જણાવ્યું કે, "અમે જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી પાસેથી એવી શાળાઓની માહિતી મેળવી છે જેનું પરિણામ નબળું રહેતું હોય. આવી અંદાજે 70 શાળાઓના 10 હજાર વિદ્યાર્થીઓને આ પુસ્તકો આગામી સપ્તાહથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે." આ ગાઈડ તૈયાર કરવા પાછળ વડોદરાની પ્રતિષ્ઠિત શાળાઓના 30 જેટલા વિષય નિષ્ણાતોએ મહેનત કરી છે. આ તમામ શિક્ષકો બોર્ડ પરીક્ષાના સંચાલન અને પ્રશ્નપત્રોના માળખાનો 15 થી 20 વર્ષનો અનુભવ ધરાવે છે. તેમણે જૂના પ્રશ્નપત્રોનું વિશ્લેષણ કરીને નબળા વિદ્યાર્થીઓ જે પ્રશ્નો સહેલાઈથી તૈયાર કરી શકે તેવા મુદ્દાઓ આ મટિરિયલમાં આવરી લીધા છે.

જયકા જનસહાયક ટ્રસ્ટ છેલ્લા બે દાયકાથી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિય છે. ટ્રસ્ટ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે ગુજરાતમાં કદાચ આ પ્રથમ એવો પ્રયોગ છે જેમાં માત્ર નબળા વિદ્યાર્થીઓને જ ધ્યાનમાં રાખીને, તેમને નાપાસ થતા બચાવવા માટે ખાસ તૈયાર કરાયેલું મટિરિયલ નિઃશુલ્ક વહેંચવામાં આવી રહ્યું છે. આ ગાઈડ પુસ્તક માત્ર શાળા મારફતે જ નહીં, પરંતુ કોઈ વિદ્યાર્થી કે વાલી સીધો ટ્રસ્ટનો સંપર્ક કરે તો તેમને પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સેવાકીય કાર્યથી હજારો પરિવારોના બાળકોનું શૈક્ષણિક વર્ષ બગડતા બચાવી શકાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.




**વડોદરાના જયકા જનસહાયક ટ્રસ્ટ દ્વારા ધોરણ 10 ના નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ ગાઈડ પુસ્તકો તૈયાર કરવામાં આવ્યા છે. બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ સરળતાથી પાસ થઈ શકે તે હેતુથી શહેરના 10 હજાર વિદ્યાર્થીઓને આ પુસ્તકો વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે.**

## સુરત: 5.85 કરોડનું સાપનું ઝેર ઝડપાયું, અમદાવાદ કનેક્શન

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત પોલીસની સતર્કતાને કારણે કરોડો રૂપિયાનું કોબ્રા ઝેર વેચવાનું મોટું ષડયંત્ર નિષ્ફળ ગયું છે, પરંતુ આ ઘટનાએ તંત્રની ઉંઘ ઉડાવી દીધી છે. સુરત SOG એ લસકાણા અને સરથાણા વિસ્તારમાં ફેલાયેલા આ નેટવર્કને તોડી પાડી 5.85 કરોડનું 6.5 ml કોબ્રા વેનોમ જપ્ત કર્યું છે. પકડાયેલા સાત આરોપીઓમાં વડોદરાના 5 અને સુરતના 2 ઇસમોનો સમાવેશ થાય છે. આ કાળા કારોબારમાં મેરેજ બ્યુરો ચલાવતા વૃદ્ધોથી લઈને એડવોકેટ સુધીના લોકો સામેલ હોવું એ સમાજ માટે લાલબત્તી સમાન છે.

પોલીસ તપાસ મુજબ, અમદાવાદના આરટીઓ સર્કલ પાસે રહેતા ઘનશ્યામ સોનીએ વડોદરાના મકરંદ અને પ્રશાંતને આ ઝેર વેચવા આપ્યું હતું. આ ઝેરનો સોદો સુરતમાં 9 કરોડમાં નક્કી થયો હતો. એસઓજી ડીસીપી રાજદીપ સિંહ નકુમના જણાવ્યા અનુસાર, આ ઝેરનો ગેરકાયદે ઉપયોગ હાઈ-પ્રોફાઈલ રેવ પાર્ટીઓમાં નશા માટે થતો હોય છે. સવાલ એ થાય છે કે, વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ પ્રતિબંધિત હોવા છતાં આટલો મોટો જથ્થો આવ્યો ક્યાંથી? ફોરેસ્ટ વિભાગ પણ હવે આ તપાસમાં જોડાયું છે, પરંતુ મુખ્ય સૂત્રધાર ઘનશ્યામ સોની હજુ ફરાર છે. જો પોલીસ આ નેટવર્કને જડમૂળથી નહીં ઉખેડે તો ગુજરાતના યુવાધનને સાપના ઝેર જેવા જીવલેણ નશાના રવાડે ચડતા કોઈ રોકી શકશે નહીં.



## થરાદમાં માથાભારે તત્વોના ત્રાસથી યુવકની આત્મહત્યા

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદમાં માથાભારે તત્વો બેફામ બન્યા છે અને પોલીસ મૌન પ્રેક્ષક બની છે. કિરણ ઠાકોર નામના યુવકને મોન્ટુ મહારાજ અને ભરત દવેએ અંગત અદાવતમાં ઢોરમાર મારી અત્યંત હીન કક્ષાની ધમકી આપી હતી. આરોપીઓએ કહ્યું હતું કે "તને ગધેડા પર બેસાડી આખા થરાદમાં ફેરવવો છે, તને જીવવા જેવો નથી રાખવો". આ ધમકીથી ડરી ગયેલો કિરણ જ્યારે ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે રસ્તામાં જ કેનાલ પાસે એક્ટિવા પરથી ઉતરી મોતની છલાંગ લગાવી દીધી હતી. સીસીટીવીમાં યુવકની લાચારી અને ગભરાટ સ્પષ્ટ દેખાય છે. ત્રણ દિવસ બાદ તેનો મૃતદેહ લુણાલ ગામ પાસેથી મળતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આક્રમક ઠાકોર સમાજે એસપી કચેરી ઘેરીને આરોપીઓની ધરપકડની માંગ કરી છે. સવાલ એ છે કે સામાન્ય માણસ ક્યારે સુરક્ષિત અનુભવશે?

## BBNG ગ્લોબલ દ્વારા 'પરિવર્તન 2026' નું સફળ આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સામા–સાવલી રોડ સ્થિત હોટેલ ઇકો સત્વા ખાતે BBNG ગ્લોબલ દ્વારા 'પરિવર્તન 2026 કર્ટન રેઝર' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરા અને આસપાસના વિસ્તારોમાંથી વિવિધ ક્ષેત્રના બ્રાહ્મણ ઉદ્યોગસાહસિકો અને વ્યવસાયિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઇવેન્ટ પુણેમાં યોજાનારી 'પરિવર્તન 2026' રાષ્ટ્રીય પરિષદ માટે પાયાનું કામ કરશે.

BBNG ગ્લોબલનું મુખ્ય ધ્યેય વિશ્વાસ અને સહકાર દ્વારા સમુદાયના ઉદ્યોગસાહસિકોને એક મંચ પર લાવી તેમનો વ્યવસાયિક વિકાસ કરવાનો છે. સંસ્થાના 'સમર્થ બ્રાહ્મણ, સંપન્ન બ્રાહ્મણ અને સમૃદ્ધ બ્રાહ્મણ' ના મંત્રને અહીં સાચા અર્થમાં વાચા મળી હતી. પુણે હેડ ઓફિસની કોર ટીમે ઉપસ્થિત રહીને શિસ્તબદ્ધ નેટવર્કિંગ, નૈતિક વ્યવસાય અને દીર્ઘકાલીન મૂલ્ય સર્જન જેવી બાબતો પર પ્રકાશ પાડ્યો હતો. આ તકે વડોદરા ચેપ્ટરની નેતૃત્વ ટીમ દ્વારા નવા સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વક્તાઓએ જણાવ્યું કે, BBNG હવે માત્ર એક ગ્રુપ નહીં પણ અસરકારક બિઝનેસ પ્લેટફોર્મ તરીકે ઉભરી રહ્યું છે. વડોદરા ચેપ્ટરે આગામી વર્ષોમાં ગુજરાતમાં પણ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવા માટેની તત્પરતા બતાવી હતી. જે ઉદ્યોગસાહસિકો પોતાના વ્યવસાયને નૈતિક રીતે વિસ્તૃત કરવા માંગે છે, તેમને આ સંસ્થા સાથે જોડાવા આહવાન કરવામાં આવ્યું હતું.




**વડોદરામાં BBNG ગ્લોબલ દ્વારા 'પરિવર્તન 2026' કર્ટન રેઝર યોજાયું. બ્રાહ્મણ ઉદ્યોગસાહસિકોને વ્યવસાયિક ઉન્નતિ માટે મંચ પૂરું પાડશે.**

# વડોદરામાં રક્તરંજિત રવિવાર: બે કલાકમાં બે બાળકોના અકસ્માતમાં મોત

## વડોદરા: ફાયર ટેન્કર અને કારની અડફેટે બે બાળકોના મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરમાં માર્ગ અકસ્માતની બે કાળજું કંપાવનારી ઘટનાઓ સામે આવી છે, જેમાં માત્ર બે કલાકના ગાળામાં બે માસૂમ બાળકોના મોત નિપજ્યા છે. શહેરના કારેલીબાગ અને મકરપુરા વિસ્તારમાં સર્જાયેલા આ અકસ્માતોએ બે પરિવારોના ચિરાગ ઓલવી નાખ્યા છે.

કારેલીબાગની ઘટનામાં, શ્રમજીવી પરિવારનો 10 વર્ષનો દીપક પાણીની ટાંકી પાસે ઉભો હતો. આ સમયે પાણી ભરવા આવેલા ફાયર બ્રિગેડના ટેન્કરના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. ટેન્કરનું તોતિંગ વ્હીલ બાળકના શરીર પર ફરી વળતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. પિતા દિનેશભાઈ તળપદા અને માતા ગીતાબેને આક્ષેપ કર્યો છે કે ટેન્કર ચાલકે જોયું હોવા છતાં બેદરકારી દાખવી હતી. સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ સેન્ટર પાસે પરિવારના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. બીજી તરફ, મકરપુરા વિસ્તારમાં 7 વર્ષીય જીયાન નામની બાળકીનું અકસ્માતમાં મોત થયું છે. પિતા લાલબાગ સ્વિમિંગ પુલમાં સફાઈ સેવા આપે છે અને સવારે પોતાની બંને દીકરીઓને એક્ટિવા પર શાળાએ મૂકવા જઈ રહ્યા હતા. માર્ગમાં ઈનોવા અને વેગનઆર કાર વચ્ચે ટક્કર થયા બાદ વેગનઆર કાર સીધી એક્ટિવા સાથે અથડાઈ હતી. આ જોરદાર ટક્કરમાં જીયાનનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે પિતાને ગંભીર ઈજાઓ થતા સયાજી હોસ્પિટલ ખસેડાયા હતા. મોટી બાળકી ધારાનો આ અકસ્માતમાં ચમત્કારિક બચાવ થયો છે.

માંજલપુર પોલીસે મકરપુરા અકસ્માત કેસમાં બંને કાર ચાલકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. બે કલાકમાં બે બાળકોના મોતના સમાચારથી વડોદરાવાસીઓમાં ભારે રોષ અને શોકની લાગણી જોવા મળી રહી છે. રસ્તાઓ પર વધતી જતી વાહનોની ઝડપ અને બેદરકારી નિર્દોષ જિંદગીઓ હોમી રહી છે.



**વડોદરાના કારેલીબાગમાં ફાયર ટેન્કર અને મકરપુરામાં કાર અકસ્માતમાં 10 વર્ષના બાળક અને 7 વર્ષની બાળકીનું કમકમાટીભર્યું મોત.**

# વડોદરા: મહિલા કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં રાજકીય ગરમાવો વધી રહ્યો છે, ત્યારે ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વડોદરા શહેર મહિલા કોંગ્રેસ દ્વારા એક અગત્યની કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓને અનુલક્ષીને યોજાયેલી આ બેઠકમાં સંગઠનલક્ષી ચર્ચાઓ અને ભાવિ રણનીતિ ઘડવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ પાર્વતીબેન રાજપૂતે આ બેઠકનું સફળ આયોજન કર્યું હતું. ગીતાબેન પટેલે કાર્યકરોને માર્ગદર્શન આપતા કહ્યું કે, કોર્પોરેશનની ચૂંટણીમાં મહિલા શક્તિને જોડીને ભાજપના શાસન સામે જનતાના અવાજને બુલંદ કરવો જરૂરી છે. તેમણે ઉમેદવારોની પસંદગી અને ચૂંટણી પ્રચારમાં મહિલાઓની ભાગીદારી વધારવા પર ભાર મૂક્યો હતો. પાર્વતીબેન રાજપૂતે વડોદરાના વિવિધ વિસ્તારોમાં મહિલાઓ દ્વારા કરવામાં આવતી લોકસેવાની કામગીરીની વિગતો આપી હતી. બેઠકમાં ઉપસ્થિત મહિલાઓએ મોંઘવારી અને બેરોજગારી જેવા પ્રશ્નોને લઈને લોકો વચ્ચે જવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ કારોબારી બેઠકથી વડોદરા કોંગ્રેસમાં નવો પ્રાણ ફૂંકાયો હોય તેવું વાતાવરણ જોવા મળ્યું હતું. કાર્યકરોને એકઠા કરીને આગામી સમયમાં વોર્ડ લેવલે આક્રમક રીતે કાર્યક્રમો આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**વડોદરામાં મહિલા કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઈ. પ્રદેશ પ્રમુખ ગીતાબેન પટેલની હાજરીમાં મનપા ચૂંટણી અંગે કાર્યકરોને માર્ગદર્શન અપાયું.**

# સુરત: BRTS માં મહિલાનો આતંક, ડ્રાઈવરનો કોલર પકડી કરી મારામારી

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતની કહેવાતી સંસ્કારી જનતાનું વરવું સ્વરૂપ BRTS બસમાં જોવા મળ્યું છે. એક મહિલા મુસાફરે ટ્રાફિકના નિયમોનું પાલન કરનાર નિષ્ઠાવાન ડ્રાઈવરને જે રીતે માર માર્યો છે, તે સુરતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર લપડાક સમાન છે. મહિલાને બસ સ્ટોપ વગર અધવચ્ચે ઉતરવું હતું, અને જ્યારે ડ્રાઈવરે જોખમ હોવાને કારણે બસ ઉભી રાખવાની ના પાડી, ત્યારે આ મહિલા 'લુખ્ખા તત્વો' ની જેમ ડ્રાઈવર પર તૂટી પડી હતી. CCTV દ્રશ્યોમાં સ્પષ્ટ દેખાય છે કે મહિલાએ ડ્રાઈવરનો કોલર પકડીને તેને કેબિનમાં જ દબોચી લીધો હતો અને તેની સાથે મારામારી કરી હતી. ડ્રાઈવરને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો છે. આ ઘટનાએ સુરત મહાનગરપાલિકા અને પોલીસ તંત્રની ઉદાસીનતાને ઉઘાડી પાડી છે. જાહેર પરિવહન જેવી સેવામાં ડ્રાઈવરો માટે કોઈ સુરક્ષા વ્યવસ્થા નથી, જેના કારણે આવા અસામાજિક તત્વો બેફામ બન્યા છે. પોલીસે મોડે મોડેથી ગુનો નોંધી તપાસ શરૂ કરી છે, પણ શું આ મહિલા સામે ખરેખર એવી કોઈ કાર્યવાહી થશે કે જે ભવિષ્યમાં બીજા માટે બોધપાઠ બને? BRTS સ્ટાફમાં અત્યારે એટલો રોષ છે કે તેઓ હડતાલ પર જવાની પણ ચીમકી ઉચ્ચારી રહ્યા છે. સુરતમાં બસ ડ્રાઈવરો પર હુમલાની આ પહેલી ઘટના નથી, છતાં સત્તાધીશો ઘોર નિદ્રામાં છે. જો ફરજ પરના સરકારી કર્મચારીઓ જ સુરક્ષિત ન હોય, તો સ્માર્ટ સિટીના દાવાઓ માત્ર પોકળ સાબિત થાય છે. જનતા પૂછી રહી છે કે સુરત પોલીસ ક્યારે જાગશે અને ક્યારે બસ ડ્રાઈવરોને નિર્ભય બની કામ કરવાનું વાતાવરણ આપશે?



**સુરતમાં નિયમો પાળવા બદલ BRTS ડ્રાઈવરની સજા! મહિલા મુસાફરે અધવચ્ચે બસ ઉભી રાખવા બાબતે ડ્રાઈવર સાથે કરી મારામારી.**

# BCA ચૂંટણી: 31 બેઠકો માટે 165 ફોર્મ ભરાયા

**દૈનિક પલ્સ સમાચાર:** BCA (બરોડા ક્રિકેટ એસોસિએશન) ની ચૂંટણી પ્રક્રિયા હવે તેના નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. સોમવારે સાંજે 6 વાગ્યે ફોર્મ ભરવાની સમય મર્યાદા પૂર્ણ થતાની સાથે જ BCA ની મુખ્ય ઓફિસના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. આ વખતે ચૂંટણીમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે, કારણ કે કુલ 702 ફોર્મનો ઉપાડ થયો હતો અને તેમાંથી 165 ફોર્મ જમા થયા છે. 31 પદ માટે યોજાનારી આ ચૂંટણીમાં પ્રમુખ, ઉપપ્રમુખ અને સેક્રેટરી જેવા મુખ્ય હોદ્દાઓ માટે રસાકસી જોવા મળશે.

સત્યમેવ જયતે ગ્રુપે આક્રમક રીતે સૌથી વધુ ઉમેદવારી નોંધાવી છે, તો બીજી તરફ અનંત ઇન્દુલકરે રોયલ ગ્રુપના નેજા હેઠળ પ્રમુખ પદ માટે ઝંપલાવ્યું છે. આવતીકાલે મંગળવારે સ્ક્રુટીની પ્રક્રિયા બાદ ચિત્ર વધુ સ્પષ્ટ થશે કે કયા ગ્રુપના કેટલા ઉમેદવારો મેદાનમાં ટકી રહેશે. અત્યારે વડોદરાના ક્રિકેટ પ્રેમીઓમાં એ વાતની ચર્ચા જોર પકડી રહી છે કે શું રોયલ અને રિવાઇવલ ગ્રુપ ગઠબંધન કરશે? જો આ બંને જૂથો એક થાય તો સત્યમેવ જયતે ગ્રુપ સામે મોટો પડકાર ઉભો થઈ શકે છે. 15 ફેબ્રુઆરીએ મતદાન થશે, જે વડોદરાના ક્રિકેટ વહીવટનું ભવિષ્ય નક્કી કરશે.

**બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) ની 15 ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. કુલ 31 બેઠકો માટે રેકોર્ડબ્રેક 165 ફોર્મ જમા થયા છે. મંગળવારે ફોર્મની ચકાસણી બાદ ચૂંટણીનું અંતિમ ચિત્ર અને ઉમેદવારોની યાદી સ્પષ્ટ થશે.**

# કેજરીવાલે 2027માં સત્તા પરિવર્તનનો દાવો કર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલના સાંનિધ્યમાં વિશાળ કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે કેજરીવાલે હરણી બોટકાંડના પીડિતોને મળી ન્યાય માટે આશ્વાસન આપ્યું હતું. તેમણે ભાજપ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું કે, ગુજરાતની જનતા હવે ડર્યા વગર પરિવર્તન ઈચ્છી રહી છે. તેમણે આક્ષેપ કર્યો કે સરકારી કાર્યક્રમો પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવે છે, જ્યારે મૂળભૂત સુવિધાઓની સ્થિતિ કંગાળ છે. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પણ કાર્યકર્તાઓને સંબોધતા આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મજબૂતીથી લડવા અપીલ કરી હતી. જોકે, આ આક્ષેપો વચ્ચે સાવલીના ભાજપ ધારાસભ્ય કેતન ઈનામદારે વળતો જવાબ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે પ્રજાને ભાજપમાં અતૂટ વિશ્વાસ છે અને કેજરીવાલે રાજકીય રોટલા શેકવાનું બંધ કરવું જોઈએ. ઈનામદારે કેજરીવાલને સાવલી વિધાનસભામાં આવીને પ્રજાનો પ્રેમ જોવાનું જાહેર આમંત્રણ પણ પાઠવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ચૈતર વસાવા અને ગોપાલ ઈટાલિયા સહિતના નેતાઓ હાજર રહ્યા હતા.

# પ્રદીપ મિશ્રા: વડોદરામાં 'ગ્રીન શિવરાત્રિ' અને એકતાનો હુંકાર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના આજવા રોડ પર લેપ્રસી ગ્રાઉન્ડ ખાતે પંડિત પ્રદીપ મિશ્રાના શ્રીમુખે શિવ મહાપુરાણની કથા ચાલી રહી છે, જેમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. 19 જાન્યુઆરીએ આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં તેમણે વર્તમાન વૈશ્વિક અને પર્યાવરણીય સમસ્યાઓ પર પ્રકાશ પાડ્યો હતો. બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા દમન અંગે આક્રોશ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે સનાતનીઓએ સુરક્ષિત રહેવા માટે જ્ઞાતિ-બાધ છોડીને એક થવું પડશે.

પર્યાવરણ અંગે ચિંતા વ્યક્ત કરતા પંડિત મિશ્રાએ જણાવ્યું કે જળસ્તર સતત ઘટી રહ્યું છે અને હવાનું પ્રદૂષણ જીવલેણ બની રહ્યું છે. પ્રદૂષણને કારણે કિડની, લિવર અને હાર્ટની બીમારીઓ સામાન્ય બની ગઈ છે. આ સ્થિતિને સુધારવા માટે તેમણે 15 ફેબ્રુઆરીએ 'ગ્રીન શિવરાત્રિ' ઉજવવાનો સંકલ્પ લીધો છે. તેમણે શિવભક્તોને અપીલ કરી છે કે આ શિવરાત્રિએ માત્ર શિવાલયમાં જળ ન ચડાવો પણ એક છોડ વાવીને તેનું જતન પણ કરો. જો પ્રકૃતિ હરીભરી હશે તો જ વાયુમંડળ શુદ્ધ થશે અને આપણે સ્વસ્થ રહી શકીશું. તેમણે શિવને જળ, વાયુ અને ભૂમિના દેવ ગણાવી પ્રકૃતિની સેવાને જ સાચી ભક્તિ ગણાવી છે. આ ઉદાત્ત અભિયાનમાં દેશભરના શિવભક્તો જોડાય તેવી તેમણે આશા વ્યક્ત કરી છે.

# વડોદરા: સાયજી ટાઉનશીપમાં ભાડુઆત યુવકે કર્યો આપઘાત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ન્યૂ વીઆઈપી રોડ વિસ્તારમાં આવેલી સાયજી ટાઉનશીપમાં ભાડાના મકાનમાં રહેતા યુવકે રહસ્યમય સંજોગોમાં જીવન ટૂંકાવ્યું છે. મૃતક યુવકની ઓળખ અજીતકુમાર બ્રિજમોહન મોર્ય તરીકે થઈ છે, જે મૂળ ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર જિલ્લાનો રહેવાસી હતો. તે વડોદરામાં એકલો રહીને છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે તેના બંધ મકાનમાંથી અતિશય દુર્ગંધ આવવા લાગી. પાડોશીઓએ આ અંગે હરણી પોલીસને જાણ કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ઘરમાં તપાસ કરતા અજીતકુમારનો મૃતદેહ સાડી વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. મૃતદેહ બેથી ત્રણ દિવસ જૂનો હોવાથી તે ડિકમ્પોઝ થઈ ગયો હતો. હરણી પોલીસે આ મામલે યુવકના પરિવારજનોને ઉત્તર પ્રદેશ જાણ કરી છે. આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પરિવારની પૂછપરછ બાદ વધુ વિગતો સ્પષ્ટ થશે.

# વડોદરા: ફતેગંજમાં આંગણવાડી પાસે ગંદકીનું સામ્રાજ્ય, રહીશો પરેશાન

**દૈનિક પલ્સ સમાચાર:** સ્માર્ટ સિટી વડોદરામાં વહીવટી તંત્રની સંવેદનહીનતાનો વધુ એક કિસ્સો ફતેગંજ વિસ્તારમાંથી સામે આવ્યો છે. ફતેગંજ તાજ બુરહાની કોમ્પ્લેક્ષ પાસેની આંગણવાડી પાસે જે રીતે કચરાના ઢગલા અને કચરાપેટીનો ખડકલો કરવામાં આવ્યો છે, તે જોતા લાગે છે કે મહાનગરપાલિકાને જનતાના આરોગ્યની કોઈ જ પડી નથી. આ આંગણવાડીમાં આવતા ૨ થી ૬ વર્ષના ભૂલકાઓ ગંદકી અને દુર્ગંધની વચ્ચે બેસીને શિક્ષણ લેવા મજબૂર બન્યા છે. વોર્ડ નંબર ૩ ના રહેવાસીઓનો આક્રોશ ચરમસીમાએ છે. તેઓની સ્પષ્ટ માંગ છે કે આ કચરાપેટી તાત્કાલિક ધોરણે અહીંથી ખસેડવામાં આવે. કચરાપેટીની આસપાસ ફેંકવામાં આવતો કચરો રસ્તા પર ફેલાયેલો રહે છે, જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને પણ ભારે હાલાકી ભોગવવી પડે છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું પાલિકાના આરોગ્ય વિભાગને આ ગંદકી દેખાતી નથી? કે પછી બાળકો બીમાર પડે અને હોસ્પિટલો ભરાય ત્યારે જ તંત્ર જાગશે? નગરપાલિકાના ડોર-ટુ-ડોર કચરા કલેક્શનના દાવાઓ વચ્ચે આવી જાહેર કચરાપેટીઓ શા માટે હજુ પણ શિક્ષણ સંસ્થાઓની પાસે રાખવામાં આવી છે? સ્થાનિકોએ આવેદન પત્રથી લઈને મૌખિક રજૂઆતો સુધીના તમામ રસ્તાઓ અપનાવ્યા છે, પણ તંત્રના પેટનું પાણી હલતું નથી. આંગણવાડીના સંચાલકો પણ બાળકોની હાજરી ઘટતા ચિંતામાં છે, કારણ કે વાલીઓ ગંદકીને લીધે બાળકોને મોકલતા ડરે છે. જો વડોદરા મહાનગરપાલિકા આ મામલે સત્વરે કાર્યવાહી નહીં કરે, તો આ ગંદકી માત્ર રોગચાળો જ નહીં પણ વહીવટી તંત્ર પ્રત્યેના જનરોષનો જ્વાળામુખી પણ ભભૂકશે. સત્તાધીશોએ એસી ઓફિસમાંથી બહાર નીકળીને આ નરક જેવી સ્થિતિ જોવી જોઈએ.

**વડોદરાના ફતેગંજમાં તાજ બુરહાની કોમ્પ્લેક્ષ પાસે આવેલી કચરાપેટી સ્થાનિકો માટે આફત બની છે. આંગણવાડીના નાના ભૂલકાઓના સ્વાસ્થ્ય સાથે ખિલાડ કરતી આ ગંદકી હટાવવા વોર્ડ નંબર ૩ ના રહીશોએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો છે.**

# વડોદરાના ગોત્રીમાં હિટ એન્ડ રન: મહિલાનું મોત



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં જાણે માનવ જિંદગીની કોઈ કિંમત જ નથી. ગોત્રી તળાવ પાસે પૂરઝડપે આવતા એક કારચાલકે અમૃતાબેન પ્રજાપતિને જોરદાર ટક્કર મારી મોતને ઘાટ ઉતાર્યા છે. અકસ્માત સર્જી કાયરની જેમ ભાગી છૂટેલા ચાલકને ગોત્રી પોલીસે ઝડપી તો લીધો છે, પરંતુ સવાલ એ છે કે રસ્તા પર આવા જમદૂતો ક્યાં સુધી નિર્દોષોના લોહી વહાવતા રહેશે? શોકાતુર પરિવારે હવે આ હત્યારા ચાલક સામે કડક સજાની માંગ કરી છે.

# ગર્લ્સ હોસ્ટેલ બહાર અશ્લીલ ચેનચાળા કરતો શખસ ઝડપાયો




**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની સંસ્કારિતતાના લૂગડે ડાઘ લગાડતી ઘટના સામે આવી છે. MS યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલ બહાર બેફામ બનેલા ફિરોઝ પઠાણ નામના શખસે જાહેરમાં અશ્લીલ હરકતો કરી વિદ્યાર્થિનીઓની સુરક્ષા પર સવાલ ઉભા કર્યા છે. યુવતીઓએ હિંમત દાખવી આ વિકૃત શખસનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ કર્યો, ત્યારબાદ જ પોલીસ એક્શનમાં આવી હતી. સયાજીગંજ પોલીસે આરોપીની ધરપકડ કરી છે, પરંતુ જાહેર સ્થળોએ આવી વિકૃતિ ક્યાં સુધી ચાલશે?

# વડોદરા: વોર્ડ 8 ની બહેનો માટે 'માતૃશક્તિ આશીર્વાદ યાત્રા




**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના વોર્ડ નંબર 8 ની મહિલાઓ માટે સ્વેજલ વ્યાસ દ્વારા 'માતૃશક્તિ આશીર્વાદ યાત્રા' નો પ્રારંભ કરવામાં આવ્યો છે. કુલ 15,000 મહિલાઓને તીર્થધામોના દર્શન કરાવવાના સંકલ્પ સાથે પ્રથમ તબક્કે 1500 બહેનોને 27 બસો મારફતે સાળંગપુર અને કોટગણેશ જેવા સ્થળોની નિઃશુલ્ક યાત્રા કરાવાઈ હતી. મહિલાઓની સુરક્ષા અને સુવિધા સાથે આયોજિત આ સેવાકાર્ય બદલ બહેનોએ આયોજક ટીમનો આભાર માન્યો હતો. આગામી સમયમાં બાકીની બહેનોને પણ આ લાભ અપાશે.

# વડોદરા: નાગરવાડામાં લોહીની હોળી ખેલાઈ, પોલીસની નબળી કલમો સામે રોષ

## નાગરવાડા હિંસા: કારેલીબાગ પોલીસની ઢીલી નીતિ સામે આવેદન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નાગરવાડા વિસ્તારમાં થયેલા લોહિયાળ હુમલા બાદ હવે ન્યાય માટેની લડાઈ રસ્તા પર આવી છે. ઉત્તરાયણની રાત્રે નવીધરતી ગોલવાડમાં ત્રણ વ્યક્તિઓ પર થયેલો ઘાતક હુમલો માત્ર ગુનાહિત ઘટના નથી, પરંતુ પોલીસની નિષ્ફળતાનું પણ પ્રતીક છે. હુમલા બાદ ગંભીર હાલતમાં રહેલા યુવકોના પરિવારે જ્યારે કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ન્યાયની આશાએ ધક્કા ખાધા, ત્યારે તેમને કડવી વાસ્તવિકતાનો સામનો કરવો પડ્યો.

આરોપીઓ દ્વારા કરવામાં આવેલા જીવલેણ હુમલામાં જે ગંભીર કલમો લાગવી જોઈતી હતી, તેને બદલે કારેલીબાગ પોલીસના સ્ટાફ દ્વારા અત્યંત હળવી કલમો લગાવીને આરોપીઓને રક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. આ વહીવટી લાપરવાહી અને કથિત ભ્રષ્ટાચાર સામે આજે પીડિત પરિવારે પોલીસ કમિશનર કચેરીના દ્વાર ખટખટાવ્યા હતા. આવેદન પત્ર પાઠવતી વખતે પરિવારની આંખોમાં આક્રોશ અને અન્યાયની વેદના સાફ દેખાતી હતી. તેઓની સ્પષ્ટ માંગ છે કે આ હુમલા પાછળ જે પણ માસ્ટર માઈન્ડ છે અને જે રીતે હથિયારોનો ઉપયોગ થયો છે, તે મુજબની કડક કલમો એફ.આઈ.આર. માં ઉમેરવામાં આવે.

પોલીસની આ નબળી તપાસથી એવો સંદેશ જઈ રહ્યો છે કે વડોદરામાં અસામાજિક તત્વોને ખાખીનો કોઈ ડર રહ્યો નથી. જો સામાન્ય નાગરિકોને હોસ્પિટલ ભેગા કર્યા પછી પણ પોલીસ કડક કાર્યવાહી ન કરે, તો જનતાએ કોની પાસે જવું? આવેદન પત્રમાં ઉલ્લેખ કરાયો છે કે જો ટૂંક સમયમાં યોગ્ય ન્યાય નહીં મળે અને કલમોમાં ફેરફાર કરીને આરોપીઓની કડક અટકાયત નહીં થાય, તો આગામી દિવસોમાં પોલીસ કમિશનર કચેરી ખાતે ધરણાં કરવામાં આવશે. હવે જોવાનું એ રહેશે કે પોલીસ કમિશનર આ ઢીલી તપાસ કરનાર પોલીસ સ્ટેશનના સ્ટાફ સામે શું પગલાં લે છે અને પીડિતોને ન્યાય અપાવે છે કે કેમ.

**વડોદરાના નાગરવાડામાં ઉત્તરાયણની રાત્રે ત્રણ યુવકો પર થયેલા ઘાતક હુમલા મામલે કારેલીબાગ પોલીસની શંકાસ્પદ ભૂમિકા સામે આવી છે. આરોપીઓ સામે હળવી કલમો લગાવાતા આક્રોશિત પરિવારે ન્યાય માટે પોલીસ કમિશનરને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી છે.**

# વડોદરામાં WPL 2026: ગુજરાત જાયન્ટ્સ vs RCB વચ્ચે જંગ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાનું કોટંબી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ આજે WPLના રંગમાં રંગાયેલું જોવા મળ્યું હતું. ગુજરાત જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચ જોવા માટે ક્રિકેટ રસિકોનો ઉત્સાહ સાતમા આસમાને હતો. ખાસ કરીને મહિલા ક્રિકેટની સ્ટાર બેટ્સવુમન સ્મૃતિ મંધાનાને જોવા માટે માત્ર વડોદરા જ નહીં, પણ બેંગલુરુથી પણ મોટી સંખ્યામાં ફેન્સ અહીં પહોંચ્યા હતા. શહેરના માર્કેટમાં સ્મૃતિ મંધાનાના ટી-શર્ટ્સની ભારે માંગ જોવા મળી હતી, જે દર્શાવે છે કે મહિલા ક્રિકેટ પ્રત્યે લોકોનો પ્રેમ સતત વધી રહ્યો છે.

આ વર્ષે WPL ની કુલ 22 મેચોમાંથી છેલ્લી 11 મેચોની યજમાની વડોદરાને સોંપવામાં આવી છે. નવી મુંબઈમાં શરૂઆતી તબક્કો પૂર્ણ થયા બાદ હવે તમામ પાંચેય ટીમો વડોદરાના મહેમાન બની છે. કાર્યક્રમ મુજબ 3 ફેબ્રુઆરીએ એલિમિનેટર અને 5 ફેબ્રુઆરીએ ફાઈનલ મેચ રમાશે. ગત વર્ષે પણ વડોદરામાં મેચોનું શાનદાર આયોજન થયું હતું, જેને ધ્યાનમાં રાખીને BCCI દ્વારા ફરીથી આ તક આપવામાં આવી છે. મેચ દરમિયાન વ્યવસ્થા જાળવવા માટે સ્ટેડિયમની અંદર અને બહાર પૂરતા સુરક્ષા જવાનો તહેનાત કરવામાં આવ્યા છે જેથી પ્રેક્ષકો કોઈપણ અવરોધ વગર મેચનો આનંદ માણી શકે.



# રાજકોટમાં DGGI ની તવાઈ: મોબાઈલ માર્કેટમાં ડુપ્લિકેટ બિલિંગ પકડાયું

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના એસ્ટ્રોન રોડ પર મોબાઈલ માર્કેટના વેપારીઓ દ્વારા કરવામાં આવતી કરચોરીની 'સ્કીમ' પર DGGI એ પાણી ફેરવી દીધું છે. રવિવારની રજાનો લાભ ઉઠાવી જ્યારે બજારમાં ગ્રાહકોની ભીડ જામી હતી, ત્યારે જ જીએસટી ઇન્ટેલિજન્સની ટીમોએ ત્રાટકીને મોબાઈલ માર્કેટના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. ઉમિયા મોબાઈલ, જેનિસ મોબાઈલ, મેહુલ ટેલીકોમ અને ઓપો સ્ટોર જેવા જે એકમો અત્યાર સુધી પ્રતિષ્ઠાના ઓઠા હેઠળ ધંધો કરતા હતા, ત્યાંથી નકલી બિલિંગ અને વિદેશી ફોનનું ગેરકાયદેસર નેટવર્ક ઝડપાયું છે.

માહિતી મુજબ, આ વેપારીઓ અન્ય દેશોમાંથી ટેક્સ ભર્યા વગર મોબાઈલ મંગાવી તેને નકલી બિલોના આધારે બજારમાં વેચી રહ્યા હતા. આ ઉપરાંત, સેકન્ડ હેન્ડ મોબાઈલના સોદામાં પણ જીએસટીના નિયમોને નેવે મૂકવામાં આવતા હતા. રવિવારની કાર્યવાહીથી ફફડી ગયેલા અનેક વેપારીઓ આજે સોમવારે પણ પોતાની દુકાનો ખોલવાની હિંમત કરી શક્યા નથી, જેના કારણે માર્કેટમાં સન્નાટો જોવા મળ્યો હતો. DGGI ના અધિકારીઓએ હાલમાં તમામ સ્ટોક, વેચાણના બિલો અને જીએસટી રિટર્નનું ઝીણવટભર્યું મિલાન શરૂ કર્યું છે.

સવાલ એ છે કે આટલા મોટા પાયે ચાલતું ડુપ્લિકેટ બિલિંગ રેકેટ સ્થાનિક અધિકારીઓની નજર બહાર કેવી રીતે રહ્યું? શું આ માત્ર હિમશૈલની ટોચ છે? ગ્રાહકો પાસેથી ટેક્સના પૂરેપૂરા પૈસા વસૂલીને સરકારને એક રૂપિયો ન આપનારા આ 'સફેદપોશ' વેપારીઓ સામે હવે તંત્ર કેવા આકરા પગલાં ભરે છે તે જોવાનું રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં આ તપાસનો વ્યાપ હજુ વધશે અને અનેક મોટા નામો આ કૌભાંડમાં ખુલે તેવી શક્યતા છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




**રાજકોટના એસ્ટ્રોન રોડ પર મોબાઈલ શોરૂમ્સમાં DGGI ના દરોડા. ડુપ્લિકેટ બિલિંગ અને દાણચોરીના ફોનનું કૌભાંડ ઝડપાતા વેપારીઓમાં ફફડાટ.**

# સરસંઘચાલક મોહન ભાગવતની રાજકોટની મહત્વની મુલાકાત

**દૈનિક પલ્સ સમાચાર:** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષની પૂર્વતૈયારીઓના ભાગરૂપે સરસંઘચાલક ડો. મોહનજી ભાગવત ત્રણ દિવસની મુલાકાતે રાજકોટ પધાર્યા છે. અખિલ ભારતીય પ્રવાસ યોજના હેઠળ યોજાયેલી આ મુલાકાત સૌરાષ્ટ્ર પ્રાંત માટે અત્યંત મહત્વની માનવામાં આવે છે. રાજકોટના સેવાભારતી ભવન ખાતે રોકાણ દરમિયાન તેઓ સમાજ શ્રેષ્ઠીઓ સાથે પરામર્શ કરશે. આ પ્રવાસ દરમિયાન ડો. મોહનજી કોઈ મોટું જાહેર સંબોધન કરવાના નથી, પરંતુ તેઓ સમાજના વિભિન્ન ક્ષેત્રોના પ્રબુદ્ધ નાગરિકો સાથે વ્યક્તિગત અને નાના સમૂહોમાં વાર્તાલાપ કરશે. મુખ્યત્વે 'પંચ પરિવર્તન' ના વિષયો જેવા કે સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, સ્વદેશીનો સ્વીકાર, પર્યાવરણ જાળવણી અને નાગરિકોના કર્તવ્ય બોધ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ૧૧ સપ્ટેમ્બર, ૧૯૫૦ ના રોજ જન્મેલા મોહનજી બાળપણથી જ સ્વયંસેવક રહ્યા છે અને ૧૯૭૫ થી પૂર્ણકાલીન પ્રચારક તરીકે કાર્યરત છે. ૨૦૦૯ થી સરસંઘચાલક તરીકે જવાબદારી નિભાવતા મોહનજીના પિતાનો પણ ગુજરાત સાથે ઊંડો સંબંધ રહ્યો છે. તેમના વિચારો અને માર્ગદર્શનથી સૌરાષ્ટ્રના સંગઠનાત્મક માળખાને નવી ઊર્જા મળશે. આ મુલાકાત દ્વારા સંઘના આગામી શતાબ્દી વર્ષના કાર્યોની રૂપરેખા પણ સ્પષ્ટ કરવામાં આવશે.



# રાજકોટમાં દાખલા માટે દેકારો: તંત્રની લાપરવાહીથી લોકો હેરાન

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં ડિજિટલ ઇન્ડિયાના બણગા વચ્ચે જન્મ-મરણના દાખલા મેળવવા માટે જનતા પરેશાન થઈ રહી છે. છેલ્લા ચાર મહિનાથી જટિલ બનેલી આ સમસ્યા હવે ગંભીર વળાંક પર છે. કેન્દ્ર સરકારના નવા નિયમ મુજબ આધાર કાર્ડમાં સુધારા માટે ક્યુઆર કોડ વાળો જન્મનો દાખલો જ માન્ય છે. પરંતુ રાજકોટ મનપાના જૂના ૨૦ લાખથી વધુ દાખલાઓ નવા પોર્ટલ પર અપલોડ ન હોવાથી તે હાલ કાગળના ટુકડા સમાન બની ગયા છે.

તંત્રની લાપરવાહી અને સરકારની મર્યાદિત મંજૂરીએ લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ગુજરાતભરની નગરપાલિકાઓને દરરોજ માત્ર ૧૦૦ જૂના દાખલા જ અપલોડ કરવાની છૂટ અપાઈ છે. રાજકોટના ૨૦ લાખ કેસ સામે આ મર્યાદા અત્યંત હાસ્યાસ્પદ છે. જન્મ-મરણ વિભાગમાં અરજદારોની લાંબી લાઈનો અને અધિકારીઓ સાથેની ઉગ્ર બોલાચાલી હવે રોજિંદી બની ગઈ છે. મનપાના પોર્ટલથી રાજ્ય સરકારના પોર્ટલ અને હવે કેન્દ્રના સીઆરએસ પોર્ટલ વચ્ચેની આ ખેંચતાણમાં સામાન્ય નાગરિક પીસાઈ રહ્યો છે. જે અરજદારો ૨૦૨૦ પહેલા જન્મ્યા છે તેમના માટે આધાર કાર્ડ અપડેટ કરાવવું હવે લોઢાના ચણા ચાવવા જેવું બની ગયું છે. તંત્ર પાસે આ સમસ્યાનો કોઈ નક્કર ઉકેલ નથી, માત્ર લિમિટ વધારવાની રાહે લોકોના કિંમતી સમય અને નાણાંનો ધુમાડો થઈ રહ્યો છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# મનપા બજેટ: કરોડોની જોગવાઈ છતાં કામો અધૂરા, અધિકારીઓ પાસે હિસાબ

**દૈનિક પલ્સ સમાચાર:** મહાનગરપાલિકામાં નવા બજેટના રજૂઆતની તૈયારીઓ વચ્ચે વહીવટી તંત્રની પોકળતા છતી થઈ છે. દર વર્ષે બજેટમાં કરોડો રૂપિયાના વિકાસ કામોની જોગવાઈ કરવામાં આવે છે, પણ વર્ષના અંતે જ્યારે હિસાબ લેવામાં આવે ત્યારે સ્થિતિ અત્યંત દયનીય જોવા મળે છે. ચાલુ વર્ષના બજેટમાં પણ અનેક પ્રોજેક્ટ્સ માટે મોટી રકમો ફાળવાઈ હતી, છતાં વહીવટી તંત્રની આળસ અને ઇજનેરોની નિષ્ક્રિયતાને કારણે કામો ઠપ્પ રહ્યા છે.

આ ગંભીર બેદરકારી અંગે આજે પદાધિકારીઓએ મ્યુનિસિપલ કમિશનર, તમામ ડીએમસી અને ઇજનેરો સાથે કમિશનર હોલમાં બેઠક યોજી છે. આ બેઠકનો મુખ્ય હેતુ એ જાણવાનો છે કે અધિકારીઓએ બજેટમાં સૂચવેલા પ્રોજેક્ટ્સ પ્રત્યે કેમ પૂરતી ગંભીરતા ન દાખવી? જે કામો ગ્રાન્ટની રાહમાં છે અથવા જે હજુ સુધી શરૂ જ નથી થયા, તેનું કારણ શું? પદાધિકારીઓએ આજે સ્પષ્ટ શબ્દોમાં હિસાબ માંગ્યો છે કે ૩૧ માર્ચ સુધીમાં હવે કયા કામો પૂર્ણ થઈ શકશે અને કયા પ્રોજેક્ટ્સ માટે જોગવાઈ હોવા છતાં જનતાને તેનો લાભ મળ્યો નથી. જ્યારે નવું બજેટ રજૂ થવા જઈ રહ્યું છે, ત્યારે જૂના કામોની આ 'નિષ્ફળતાની વણઝાર' અધિકારીઓની કામ કરવાની પદ્ધતિ પર મોટા સવાલો ઊભા કરે છે. માત્ર બજેટમાં મોટા આંકડા બતાવીને જનતાને ભ્રમમાં રાખવાની નીતિ હવે ખુદ પદાધિકારીઓને પણ ખૂંચી રહી હોય તેવું લાગે છે. બાકી રહેલા બે મહિનામાં યુદ્ધના ધોરણે કામગીરી કરવાની વાતો તો થશે, પણ શું ખરેખર પાયાનું કામ થશે ખરું? આ બેઠકમાં નવા બજેટની રૂપરેખાની સાથે જૂના કામોમાં વેઠ ઉતારનાર અધિકારીઓનો ઉધડો લેવામાં આવશે તેવી શક્યતા છે. જનતાના ટેક્સના પૈસાથી ચાલતી મનપામાં અધિકારીઓની આટલી બેજવાબદારી અક્ષમ્ય છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**મહાનગરપાલિકામાં નવા બજેટની તૈયારીઓ વચ્ચે જૂના કામોની પોલ ખુલી છે. કરોડોના પ્રોજેક્ટ્સ માત્ર કાગળ પર રહેતા આજે પદાધિકારીઓએ કમિશનર અને ઇજનેરોને બોલાવી હિસાબ માંગ્યો છે. જનતાના પૈસાનો વેડફાટ અને અધિકારીઓની ઉદાસીનતા પર સવાલો ઉઠ્યા છે.**

# ધોળકા પાલિકાની લાલ આંખ: પ્લાસ્ટિક વેચનારા વેપારીઓ દંડાયા

**દૈનિક પલ્સ સમાચાર:** ધોળકાના માર્ગો અને ગટરોમાં જામ થયેલા પ્લાસ્ટિકના કચરા બાદ હવે નગરપાલિકાનું તંત્ર સફાળું જાગ્યું હોય તેમ લાગે છે. ઉત્તરાયણ બાદ નગરપાલિકાની ટીમે મેઈન બજાર અને ઊંડાપાડા દરવાજા વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગે ઓચિંતું ચેકિંગ હાથ ધર્યું હતું. આ ઝુંબેશમાં ચાર મોટા વેપારીઓ સકંજામાં આવ્યા હતા, જેમની પાસેથી કુલ ₹43,500નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

દંડની વિગતો જોઈએ તો, શ્રી હોરે ટ્રેડર્સને સૌથી વધુ ₹20,000, હરિકૃષ્ણ સ્ટોરને ₹11,000, વ્હોરા બ્રધર્સને ₹10,000 અને રાજુભાઈ રાણાને ₹2,500નો દંડ ફટકારાયો હતો. પાલિકાની આ કાર્યવાહીથી બજારમાં સોપો પડી ગયો હતો. જોકે, નેગેટિવ પાસું એ છે કે તંત્ર હંમેશા કોઈ ઉત્સવ કે ઘટના બાદ જ કેમ જાગે છે? પર્યાવરણને નુકસાન પહોંચાડતું પ્લાસ્ટિક બજારમાં ઘૂસે છે ક્યાંથી? માત્ર થોડા હજારનો દંડ વસૂલવાથી પ્લાસ્ટિકનું વેચાણ અટકી જશે તે માનવું ભૂલભરેલું છે. જનતા ઈચ્છે છે કે પાલિકા માત્ર રજૂઆત કે દંડ પૂરતી સીમિત ન રહેતા પ્લાસ્ટિકના મૂળ સ્ત્રોત પર ત્રાટકે. સેનેટરી વિભાગની આ કામગીરી જો સતત ચાલુ રહે તો જ ધોળકા ખરા અર્થમાં સ્વચ્છ બની શકશે, અન્યથા આ માત્ર સરકારી આંકડા ભરવાની કવાયત બનીને રહી જશે.

**રિપોર્ટ : ભાવેશ રાઠોડ**



# અમદાવાદ: મિનરલ વોટરના નામે ઝેર પીરસતા 13 એકમોને AMCએ કર્યા સીલ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઘોર નિદ્રા ત્યારે ઉડી જ્યારે પડોશી શહેર ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસોએ હાહાકાર મચાવ્યો. શહેરમાં મિનરલ વોટરના નામે ચાલી રહેલા 'મોતની હેરાફેરી' સમાન વેપારનો પર્દાફાશ થયો છે. AMC ના હેલ્થ વિભાગે જ્યારે શહેરના ૧૯૪ વોટર જગ સપ્લાયરોને ત્યાં દરોડા પાડ્યા, ત્યારે ખબર પડી કે આપણે જેને 'મિનરલ વોટર' માનીને પીએ છીએ તે પાણીમાં ક્લોરિનના નામે મીંડું છે.

તંત્રની તપાસમાં ૨૦ સ્થળોએ ક્લોરિનની કોઈ વ્યવસ્થા જ મળી નહોતી, જે દર્શાવે છે કે આ એકમો દ્વારા શુદ્ધતાના નામે લોકોના ખિસ્સા ખંખેરવામાં આવી રહ્યા હતા. તંત્રએ ૨૦ પૈકી ૧૩ એકમોને તો સીલ મારી દીધા છે, પરંતુ સવાલ એ છે કે બાકીના સેંકડો એકમોનું શું? શું તંત્ર ગાંધીનગરની જેમ અહીં પણ હોનારત સર્જાય તેની રાહ જોઈ રહ્યું હતું? મિનરલ વોટરના જગ વેચનારાઓ ક્લોરિનયુક્ત પાણી નથી વેચતા તે વાત સાબિત થયા બાદ હવે તંત્ર 'જાગ્યા ત્યાંથી સવાર' માનીને કાર્યવાહી કરી રહ્યું છે. ૧૩ એકમો સીલ કર્યા બાદ બાકીના ૭ ને સુધારા માટે સમય અપાયો છે, પણ આટલા દિવસો સુધી જે દૂષિત પાણી લોકોના પેટમાં ગયું તેનું જવાબદાર કોણ? આ દરોડા બાદ મિનરલ વોટરના વિતરકોમાં ફફડાટ તો ફેલાયો છે, પણ આ કાર્યવાહી માત્ર થોડા દિવસોની 'તમાશો' બનીને ન રહી જાય તે જરૂરી છે. અમદાવાદમાં પણ ટાઈફોઈડ અને અન્ય પાણીજન્ય રોગચાળાનો ખતરો મંડરાઈ રહ્યો છે, ત્યારે આવા બેજવાબદાર સપ્લાયરો સામે માત્ર સીલિંગ નહીં પણ કડક ફોજદારી ગુનો નોંધવો જોઈએ. જનતા હવે તંત્ર પાસે માંગ કરી રહી છે કે શહેરમાં આવતા દરેક વોટર જગની શુદ્ધતાની ખાતરી કરવામાં આવે. જો ૧૯૪ માંથી ૨૦ એકમોમાં આટલી મોટી ખામી મળી હોય, તો સમગ્ર શહેરની સ્થિતિ કેટલી ગંભીર હશે તે કલ્પના કરી શકાય છે. **રિપોર્ટ : ભાવેશ રાઠોડ**

**અમદાવાદ મનપાએ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ૧૩ વોટર જગ સપ્લાયરો પર તાળા મારી દીધા છે. ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ વધતા જાગેલા તંત્રએ ૧૯૪ એકમોમાં દરોડા પાડ્યા હતા, જેમાંથી ૨૦ સ્થળોએ ક્લોરિનની કોઈ વ્યવસ્થા જ નહોતી. મિનરલ વોટરના નામે શુદ્ધ પાણીના પૈસા પડાવતા આ સપ્લાયરો ક્લોરિન વગરનું જોખમી પાણી પીરસી રહ્યા હતા. ૧૩ એકમો સીલ કરાયા છે અને સાતને સુધારો કરવા સૂચના અપાઈ છે. શું તંત્ર આ અગાઉ ઘોર નિદ્રામાં હતું કે રોગચાળો વકરે ત્યારે જ જાગશે?**

# બાલાસિનોર: ગંદકી કરનારા આસામીઓ સામે પાલિકાની લાલ આંખ, દંડ ફટકાર્યો

## બાલાસિનોર: સ્વચ્છતાના નામે દંડકીય કાર્યવાહી, CO ની વિઝિટ

**દૈનિક પલ્સ સમાચાર:** બાલાસિનોર નગરપાલિકા હવે સ્વચ્છતા જાળવવા માટે સમજાવટ છોડીને દંડના માર્ગે ઉતરી છે. ચીફ ઓફિસર મિલાપ પટેલ દ્વારા શહેરના વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં કરવામાં આવેલી સરપ્રાઈઝ વિઝિટથી તંત્રની કડકાઈ જોવા મળી હતી. જાહેર સ્થળોએ કચરો નાખનારા અને ગંદકી ફેલાવનારા તત્વો સામે સ્થળ પર જ દંડની વસૂલાત કરવામાં આવી છે. પાલિકાના આ વલણથી સ્પષ્ટ છે કે "ગંદકી કરશો તો દંડાશો". પરંતુ, શું આ કડકાઈ પૂરતી છે? હકીકત એ છે કે બાલાસિનોરના અનેક વિસ્તારોમાં કચરા કલેક્શનની સિસ્ટમ હજુ પણ રામભરોસે છે. જ્યારે નગરપાલિકાના વાહનો નિયમિત નથી આવતા ત્યારે મજબૂરીમાં લોકો કચરો બહાર ફેંકે છે. આવા સમયે પાલિકાના ચીફ ઓફિસર દ્વારા નાગરિકો પર દંડ લાદવો એ સિક્કાની એક જ બાજુ દર્શાવે છે. સ્વચ્છતાના નામે માત્ર આસામીઓના ખિસ્સા ખંખેરવાથી શહેરની ગંદકી સાફ નહીં થાય. પાલિકાએ રોગચાળાનો ખતરો ટાળવા માટે માત્ર દંડકીય રકમ એકઠી કરવાને બદલે ઘન કચરાના નિકાલની વૈજ્ઞાનિક પદ્ધતિ અને નિયમિત સફાઈ પર ધ્યાન આપવાની જરૂર છે.

નાગરિકોને કચરો કચરાપેટીમાં નાખવાની સલાહ આપતી પાલિકા પોતે શહેરમાં પૂરતી સંખ્યામાં ડસ્ટબિન મૂકવામાં નિષ્ફળ રહી હોય તેવું સ્થાનિકોનું કહેવું છે. ચીફ ઓફિસરની આ કામગીરીને ભલે સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિનો ભાગ ગણાવવામાં આવે, પરંતુ વહીવટી તંત્રની પ્રાથમિક જવાબદારી સુવિધા આપવાની છે, માત્ર દંડ વસૂલવાની નહીં. જો પાલિકા પોતાની નબળી સફાઈ વ્યવસ્થા નહીં સુધારે તો આ સરપ્રાઈઝ વિઝિટ અને દંડ માત્ર લોકરોષ વધારવાનું જ કામ કરશે. બાલાસિનોરને ખરા અર્થમાં સુંદર બનાવવા માટે તંત્ર અને જનતા બંનેએ જવાબદારી નિભાવવી પડશે, પણ શરૂઆત તંત્રએ પાયાની સુવિધાઓ આપીને કરવી જોઈએ. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



**બાલાસિનોર પાલિકા દ્વારા ગંદકી ફેલાવતા લોકો સામે કડક કાર્યવાહી. ચીફ ઓફિસર મિલાપ પટેલની સરપ્રાઈઝ વિઝિટમાં દંડની વસૂલાત કરાઈ.**

# મહીસાગર: બાકોર પોલીસે લુટારી દુલ્હન ગેંગના ૩ને દબોચ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** લગ્ન કરવા ઈચ્છતા યુવકો માટે લાલબત્તી સમાન કિસ્સો મહીસાગર જિલ્લાના બાકોર પોલીસ મથકે નોંધાયો છે. ગાંધીનગરના એક યુવકને સપના બતાવી 'લુટારી દુલ્હન' ગેંગે ₹11.30 લાખનો ચૂનો લગાવ્યો છે. આ ટોળકીએ પદ્ધતિસરનું કાવતરું રચી યુવક સાથે ખોટી લગ્નવિધિ કરાવી હતી. લગ્ન સંપન્ન થયાના થોડા જ સમયમાં આ લુટારી ટોળકી ₹6 લાખના કિંમતી દાગીના અને ₹5.30 લાખની રોકડ રકમ સેરવીને રફુચક્કર થઈ ગઈ હતી. યુવકને છેતરાયાનો અહેસાસ થતા તેણે તુરંત બાકોર પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે પણ ત્વરિત કાર્યવાહી કરતા આ ગેંગના ત્રણ મુખ્ય આરોપીઓને ઝડપી પાડ્યા છે. જોકે, આ ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે. શું આવી ટોળકીઓ માત્ર પૈસા માટે કોઈના જીવન સાથે રમત રમી રહી છે? પોલીસની તપાસમાં હજુ અન્ય કેટલા યુવકો આ ટોળકીનો શિકાર બન્યા છે તે બહાર આવવાની શક્યતા છે. જનતાએ આવી લુટારી ટોળકીઓથી ચેતવાની અને અજાણ્યા પાત્રો સાથે વ્યવહાર કરતા પહેલા પૂરતી તપાસ કરવાની અત્યંત જરૂર છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



# નવસારી: અઢી કરોડનો ફ્લાવર શો કે જનતાના પૈસાનો ધુમાડો?

**દૈનિક પલ્સ સમાચાર:** નવસારીમાં અઢી કરોડ રૂપિયાનો ફ્લાવર શો એ જનતાના ખિસ્સા પર તંત્ર દ્વારા કરવામાં આવેલો 'વૈભવી પ્રહાર' છે. આ ફૂલોના પ્રદર્શન પાછળ ફૂલોની સુગંધ ઓછી અને ભ્રષ્ટાચારની દુર્ગંધ વધુ આવી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. શહેર જ્યારે પીવાના પાણીની સમસ્યા, બિસ્માર રસ્તાઓ અને ઉભરાતી ગટરો જેવી નર્ક સમાન સ્થિતિમાં જીવી રહ્યું છે, ત્યારે અઢી કરોડ રૂપિયા શો-બાજી પાછળ ખર્ચવા એ લોકશાહીની ક્રૂર મજાક છે. આ ફ્લાવર શો સામાન્ય નાગરિકો માટે નહીં, પરંતુ કોન્ટ્રાક્ટરો અને કમિશનખોરો માટે યોજાઈ રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. બે દિવસની આ સજાવટથી શહેરનો કોઈ મૂળ પ્રશ્ન હલ થવાનો નથી. શો પૂરો થયા બાદ જનતાના નસીબમાં તો એ જ ખાડા અને એ જ વહીવટી લાપરવાહી રહેવાની છે. સૌથી મોટો સવાલ એ છે કે મહાપાલિકામાં સત્તાપક્ષ કે વિપક્ષની ગેરહાજરીમાં આટલી મોટી રકમનો નિર્ણય કેવી રીતે લેવાયો? શું અધિકારીઓ પોતે જ લોકશાહીના માલિક બની બેઠા છે? ચૂપચાપ મંજૂરી આપીને જાહેર નાણાંનો આ રીતે વ્યય કરવો એ કોઈ મોટા 'સ્થાપિત હિત'ને પોષવા માટેની પેરવી લાગે છે. આ આયોજન એ વિકાસ નથી, પણ જવાબદારીમાંથી છટકબારી છે. તેને 'જવાબદારીની કબર પર ફૂલો ચઢાવવાનો ઉત્સવ' કહેવો જરાય અતિશયોક્તિભર્યું નથી. નવસારીની જનતાને રસ્તા પરના ફૂલ નહીં, પણ રસ્તા પરના ખાડા મુક્ત મુસાફરી જોઈએ છે. પ્રજા પૂછી રહી છે કે ફૂલો કોણ ખીલવે છે અને એના નામે આવતા કરોડો રૂપિયા કોના ખિસ્સામાં સરકી રહ્યા છે? વહીવટી તંત્રએ યાદ રાખવું જોઈએ કે સજાવટથી શહેરની બેહાલી છુપાતી નથી, માત્ર તેના પર પડદો પાડવાનો નિષ્ફળ પ્રયાસ થાય .



**નવસારીમાં અઢી કરોડના ફ્લાવર શો સામે રોષ. પીવાનું પાણી અને રસ્તાના ઠેકાણા નથી ત્યારે ફૂલોના નામે કમિશનનો ખેલ ખેલાઈ રહ્યો હોવાનો આક્ષેપ.**

# ભરૂચ: અર્ટીગામાં બનાવેલા ગુપ્ત ખાનામાંથી દારૂનો જથ્થો જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ ડામવા પોલીસના દાવાઓ વચ્ચે બુટલેગરોની હિંમત વધી રહી છે. એલ.સી.બી. ભરૂચની ટીમે નબીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે હિંગલ્લા ચોકડી પાસે ખેતરમાં સંતાડેલી એક સફેદ અર્ટીગા કાર (GJ-27-KP-5000) પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે બુટલેગરોએ કારમાં દારૂ છુપાવવા માટે ખાસ 'ચોર ખાનું' તૈયાર કર્યું હતું. આ ગુપ્ત ખાનામાંથી પોલીસે ૧૦૦૮ નંગ વિદેશી દારૂની બોટલો કિંમત રૂ. ૩,૨૭,૬૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઘટનાસ્થળેથી જંબુસરના છીદ્રા ગામના નીરવકુમાર કનુભાઈ પરમારને દબોચી લેવાયો છે. જોકે, મુખ્ય બુટલેગર ગણાતો ઝાડેશ્વરનો તિલક પટેલ પોલીસ પકડથી દૂર છે. સવાલ એ છે કે આટલા મોટા પાયે દારૂની હેરાફેરી માટે આધુનિક વાહનોમાં ફેરફાર કરવાની હિંમત બુટલેગરોમાં ક્યાંથી આવે છે? શું સ્થાનિક સ્તરે કોઈની રહેમરાહ હેઠળ આ નેટવર્ક ચાલી રહ્યું છે?



**ભરૂચ LCBએ હિંગલ્લા પાસે અર્ટીગા કારના ગુપ્ત ખાનામાંથી રૂ. 3.27 લાખનો દારૂ ઝડપ્યો. એકની ધરપકડ, અન્ય એક વોન્ટેડ જાહેર.**



**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# આમોદમાં કોમી એકતાના પ્રતીક સમાન સંદલ શરીફની ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** આમોદ નગરમાં આસ્થા, શ્રદ્ધા અને કોમી એકતાના પ્રતીક સમાન હજરત સિત્તરશા પીર (રહે.)નો વાર્ષિક સંદલ શરીફ મહોત્સવ અત્યંત ગરિમાપૂર્ણ અને ભક્તિસભર માહોલમાં ઉજવવામાં આવ્યો હતો. આમોદના સામાજિક તાણાવાણાને મજબૂત બનાવતા આ ધાર્મિક ઉત્સવમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રદ્ધાળુઓનું ભારે મહેરામણ ઉમટી પડ્યું હતું. આમલી ફળિયામાં પાણીની ટાંકી પાસે આવેલી દરગાહ શરીફ ખાતે આયોજિત આ મહોત્સવે સમગ્ર પંથકને આધ્યાત્મિક રંગે રંગી દીધો હતો.

ઉજવણીના ભાગરૂપે, વાવડી ફળિયા સ્થિત મોટા પીરની ગાડીએથી સંદલ શરીફનું એક ભવ્ય અને શિસ્તબદ્ધ ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. આ ઝુલુસમાં નાત શરીફના પઠન અને સલાતો-સલામની ગુંજ સાથે અકીદતમંદો ભારે ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આમોદના વિવિધ માર્ગો પરથી પસાર થતી વેળાએ નગરના રહીશોએ આ ઝુલુસને આવકારીને નગરની એકતાના દર્શન કરાવ્યા હતા. જ્યારે ઝુલુસ દરગાહ શરીફ પર પહોંચ્યું ત્યારે ત્યાંનું વાતાવરણ અત્યંત ભક્તિમય બની ગયું હતું. વિધિવત રીતે આસ્તાના-એ-આલિયા પર સંદલ અર્પણ કરવાની વિધિ સંપન્ન થઈ હતી.

ત્યારબાદ આયોજિત એક વિશેષ દુઆના કાર્યક્રમમાં ઉપસ્થિત હજારો શ્રદ્ધાળુઓએ દેશમાં શાંતિ, એકતા અને સૌહાર્દ જળવાઈ રહે તે માટે સામુદાયિક પ્રાર્થના કરી હતી. આ ઉજવણીની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમાં માત્ર મુસ્લિમ સમુદાય જ નહીં, પરંતુ અન્ય સમાજના લોકોએ પણ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો, જે આમોદની પ્રાચીન ગંગા-જમુની સંસ્કૃતિની સાક્ષી પૂરે છે. આયોજક સમિતિ અને સ્થાનિક સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલી શ્રેષ્ઠ વ્યવસ્થાને કારણે તમામ ધાર્મિક વિધિઓ શાંતિપૂર્ણ અને સુચારુ રીતે પાર પડી હતી. આ સંદલ શરીફના ઉત્સવે સમાજમાં પ્રેમ અને ભાઈચારાનો સંદેશ વહેતો કર્યો છે, જેની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે.



**આમોદમાં હજરત સિત્તરશા પીરનો સંદલ શરીફ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો. ભવ્ય ઝુલુસ અને દુઆના કાર્યક્રમમાં હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા.**

# રામદેવજી મહારાજ મંદિર પુનઃનિર્માણ અને ભવ્ય મહોત્સવ

**દૈનિક પલ્સ સમાચાર:** માધવપુર નજીક આવેલા શીલ ગામે શ્રી રામદેવજી મહારાજના નૂતન મંદિરના નિર્માણ માટે આગામી ૨૦ જાન્યુઆરી ૨૦૨૬, મંગળવારના રોજ અનેરી ધર્મસભા અને મહોત્સવનું આયોજન કરાયું છે. કોળી સમાજ વંડી ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં સવારે ૧૦:૩૦ કલાકે બ્રહ્મ ઋષિકુમારો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી મંદિરના પાયાનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

બપોર બાદ સામૈયા અને સાંજે ભવ્ય મહાપ્રસાદનું આયોજન છે. રાત્રિના સમયે ભક્તિ અને સંગીતનો સમન્વય જોવા મળશે, જેમાં જાણીતા ભજનિક ચેતનસિંહ રાજપૂત અને ઋષિબેન પ્રજાપતિ સંતવાણી પીરસશે. મધ્યરાત્રિએ ૧૧:૩૦ કલાકે રામદેવજી મહારાજનો પાટોત્સવ દર્શન યોજાશે. સમગ્ર મહોત્સવનું જીવંત પ્રસારણ યુટ્યુબ ચેનલો પર પણ કરવામાં આવશે. સનાતન ધર્મના આ પવિત્ર કાર્યમાં સહભાગી થવા અને દિવ્ય દર્શનનો લાભ લેવા આયોજક સમિતિ દ્વારા સમગ્ર પંથકના ભાવિકોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. **રિપોર્ટ : હરેશ ભરડા**



**માધવપુર નજીક શીલ ગામે ૨૦ જાન્યુઆરીએ રામદેવજી મહારાજ મંદિરનું ખાતમુહૂર્ત, મહાપ્રસાદ અને સંતવાણી સહિતના દિવ્ય કાર્યક્રમો યોજાશે.**

# અંકલેશ્વર: અંદાડામાં ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ કર્યા ₹2.36 કરોડના કામો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના નેતૃત્વમાં વિધાનસભા વિસ્તારના ગ્રામ્ય વિસ્તારો વિકાસના પંથે આગળ વધી રહ્યા છે. આ કડીમાં અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામને ધારાસભ્યના હસ્તે કરોડોના વિકાસકાર્યોની મોટી ભેટ મળી છે. ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ અંદાડા ખાતે કુલ ₹2.36 કરોડના ખર્ચે થનારા શૈક્ષણિક અને માળખાગત કાર્યો પર ભાર મૂકતા RCC રોડના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. કાર્યક્રમની વિગત મુજબ, ₹1.18 કરોડના ખર્ચે તૈયાર થયેલા ગુણવત્તાયુક્ત RCC રોડનું લોકાર્પણ કરી તેને ગ્રામજનો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ગ્રામજનોની સુવિધામાં વધુ ઉમેરો કરવા માટે બીજા ₹1.18 કરોડના ખર્ચે નિર્માણ પામનારા નવા RCC રોડનું ધારાસભ્યએ શ્રીફળ વધેરીને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર 'વિકાસ' ને વરેલી છે. તેમણે ઉમેર્યું હતું કે, પાકા અને ટકાઉ રસ્તાઓ ગ્રામ્ય અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે. RCC રોડના નિર્માણથી ગામની કાયાપલટ થશે અને લોકોને આવન-જાવનમાં સરળતા રહેશે. આ અવસરે ધારાસભ્યએ ગ્રામજનોની વિવિધ રજૂઆતો સાંભળી હતી અને ભવિષ્યમાં પણ અંદાડા ગામના વિકાસ માટે જરૂરી ફંડ અને સુવિધાઓ પૂરી પાડવાની ખાતરી આપી હતી. કાર્યક્રમમાં તાલુકા અને જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, સ્થાનિક ભાજપ સંગઠનના અગ્રણીઓ, સરપંચ અને મોટી સંખ્યામાં ઉત્સાહી ગ્રામજનો હાજર રહ્યા હતા. ગ્રામજનોએ પણ ધારાસભ્યની સક્રિયતા અને ગામના પ્રશ્નો ઉકેલવાની તેમની નિષ્ઠાને હૃદયપૂર્વક બિરદાવી હતી. આ પ્રકારના વિકાસકાર્યોથી અંદાડા ગામના વિકાસને નવી ગતિ મળશે અને આધુનિક સુવિધાઓથી સજ્જ ગામનું નિર્માણ થશે તેવો આશાવાદ સૌએ વ્યક્ત કર્યો હતો.

**રિપોર્ટ : કેતન મહેતા**



**ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ અંકલેશ્વરના અંદાડા ગામે ₹2.36 કરોડના વિકાસકાર્યોની ભેટ આપી છે. ₹1.18 કરોડના RCC રોડનું લોકાર્પણ અને તેટલી જ રકમના નવા રોડનું ખાતમુહૂર્ત કરીને તેમણે ગ્રામ્ય સુવિધાઓ સુદ્રઢ કરવાના સંકલ્પને દોહરાવ્યો હતો.**

# આમોદના રોજા ટંકારીયામાં દૂષિત પાણીથી ગ્રામજનો પરેશાન

## રોજા ટંકારીયામાં પાણી મુદ્દે હોબાળો: તંત્રની ઘોર બેદરકારી

**દૈનિક પલ્સ સમાચાર:** આમોદના રોજા ટંકારીયા ગામમાં પંચાયત વહીવટની પોકળતા છતી થઈ છે. ગામના રહીશોને પીવાના પાણીના બદલે નળમાંથી મળતો કચરો અને અસહ્ય દુર્ગંધ મારતું પાણી તંત્રની ઘોર બેદરકારીનું જીવતું જાગતું ઉદાહરણ છે. ખાસ કરીને પાછલા ફળિયામાં રહેતી મહિલાઓ ગંદા પાણીને કારણે પોતાના બાળકો અને પરિવારના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્રના બહેરા કાને અથડાઈને રજૂઆતો પાછી આવતી હતી.

અંતે કંટાળેલા ગ્રામજનોએ જ્યારે મીડિયાનો સહારો લીધો ત્યારે પંચાયત દોડતી થઈ હતી. આશ્ચર્યજનક રીતે સરપંચ ધર્મેન્દ્રભાઈએ કોઈ પણ લેખિત ફરિયાદ મળી હોવાનો ઈનકાર કર્યો હતો, જાણે મૌખિક રજૂઆતોની કોઈ કિંમત જ ન હોય! પરંતુ જેવો જનતાનો આક્રોશ મીડિયાના માધ્યમથી વહેતો થયો, પંચાયતે ગણતરીના કલાકોમાં જ જૂની કુંડીઓ તોડી નવી પાઈપલાઈન અને વાલ્વ નાખવાનું કામ શરૂ કરી દીધું. પંચાયતનો આ ઉતાવળો સુધારો જ દર્શાવે છે કે તેઓ પોતાની ભૂલ છુપાવવા પ્રયત્ન કરી રહ્યા છે. ગ્રામજનોમાં હજુ પણ શંકા છે કે આ માત્ર લોકરોષ શાંત પાડવાનો કામચલાઉ દેખાવ છે. જનતા હવે એવી વ્યવસ્થાની માંગ કરી રહી છે જે કાયમી હોય અને કોઈએ પણ ગંદુ પાણી પીવા મજબૂર ન થવું પડે. **રિપોર્ટ : કેતન મહેતા**



**આમોદના રોજા ટંકારીયા ગામમાં તંત્રની મહેરબાનીથી ગ્રામજનોને પીવાના પાણીના બદલે કચરો અને દુર્ગંધયુક્ત પ્રવાહી મળી રહ્યું છે. રોગચાળાની ભીતિ વચ્ચે મહિલાઓના આક્રોશ બાદ પંચાયત સફાળી જાગી છે, પરંતુ કાયમી ઉકેલ અંગે હજુ પણ સવાલો ઉભા છે.**

# ભરૂચ કંથારીયા ડમ્પર અકસ્માત

## ભરૂચમાં ડમ્પરે કાળો કેર વર્તાવ્યો: એકનું મોત, 5 ઈજાગ્રસ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ તાલુકાના કંથારીયા વિસ્તારમાં આજે મોતનું તાંડવ જોવા મળ્યું હતું. દલાલ સ્ટ્રીટ પાસે પૂરપાટ ઝડપે ધસમસતા આવતા એક ડમ્પર ચાલકે સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવ્યો અને રસ્તા પરથી પસાર થઈ રહેલી રિક્ષા, કાર અને મોપેડને કાળની જેમ અડફેટે લીધા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં ભોલાવના રહેવાસી અરુણ અરવિંદભાઈ રાઠોડનું ગંભીર ઈજાઓના કારણે સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

બનાવની વિગત મુજબ, ભોલાવના ડેરા તલાવડી વિસ્તારનો એક પરિવાર રિક્ષામાં બેસી દેરોલ જઈ રહ્યો હતો, ત્યારે ડમ્પરે જોરદાર ટક્કર મારી રિક્ષાને પલટી ખવડાવી દીધી હતી. આ અકસ્માતમાં રિક્ષા સવારો સહિત 5 થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત સર્જીને ડમ્પર ચાલક વાહન મૂકી નાસી છૂટ્યો હતો, જે તેની ગુનાહિત માનસિકતા દર્શાવે છે. ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો છે, પરંતુ સવાલ એ છે કે રસ્તા પર યમદૂત બનીને દોડતા આવા વાહનો પર લગામ ક્યારે આવશે? **રિપોર્ટ : કેતન મહેતા**



**ભરૂચના કંથારીયા પાસે પૂરપાટ ઝડપે આવતા ડમ્પરે રિક્ષા, કાર અને મોપેડને અડફેટે લેતા ભોલાવના યુવકનું મોત, 5 થી વધુ લોહીલુહાણ.**

# વાગરા: બેફામ ડમ્પર હાઈટેન્શન લાઈન સાથે અથડાયું, મોટી હોનારત ટળી

**દૈનિક પલ્સ સમાચાર:** વાગરા તાલુકામાં વિકાસના નામે ચાલી રહેલી ખાનગી કંપનીઓની કામગીરી હવે વિનાશનું કારણ બની શકે તેવી સ્થિતિ સર્જાઈ છે. વાગરા-વીંછીયાદ માર્ગ પર પ્રતીક કન્સ્ટ્રક્શનના ડમ્પરચાલકની ગુનાહિત લાપરવાહીને કારણે આજે એક મોટી હોનારત થતા રહી ગઈ છે. કે.પી. ગ્રુપના પવનચક્કી પ્રોજેક્ટમાં માલસામાન વહન કરતા ડમ્પરની ટ્રોલી ૧૧ કે.વી.ની હાઈટેન્શન લાઈન સાથે અથડાતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. વીજ કરંટ એટલો શક્તિશાળી હતો કે તેના આંચકાથી ડમ્પરના ટાયરો ધડાકાભેર ફાટી ગયા હતા.

સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે આ અકસ્માત ઇન્ડિયન ગેસ એજન્સીના ગોડાઉનથી માત્ર ૫૦ મીટરના અંતરે બન્યો હતો. જો વીજ લાઈનમાંથી પેદા થયેલા તણખલા ગેસના સિલિન્ડરો સુધી પહોંચ્યા હોત તો વાગરા પંથકમાં એવી ભયાનક જાનહાનિ અને નુકસાન થયું હોત જેની કલ્પના પણ ધ્રુજાવી દે તેવી છે. ડમ્પર ચાલકની આ ભૂલને કારણે DGVCLની મુખ્ય લાઈનો ક્ષતિગ્રસ્ત થઈ હતી અને વીંછીયાદ ગામ કલાકો સુધી અંધકારમાં ડૂબી ગયું હતું. DGVCL તંત્રએ રજાના દિવસે પણ મહેનત કરીને વીજળી તો પુનઃસ્થાપિત કરી છે, પરંતુ હવે તેઓ લાલ આંખ કરવાના મૂડમાં છે. જે.ઈ. પ્રજાપતિએ સ્પષ્ટ કર્યું છે કે સોમવારે કે.પી. ગ્રુપ અને પ્રતીક કન્સ્ટ્રક્શનને કાયદેસરની નોટિસ ફટકારી નુકસાનીની કડક વસૂલાત કરવામાં આવશે. બીજી તરફ, સ્થાનિક રહીશોમાં આ અકસ્માતને લઈને ભારે રોષ વ્યાપી ગયો છે. લોકોનું કહેવું છે કે રહેણાંક અને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષાના કોઈ પણ પ્રોટોકોલ વગર કામગીરી થઈ રહી છે. માત્ર દંડ ફટકારીને સંતોષ માનવાને બદલે, હજારો નિર્દોષોના જીવ જોખમમાં મૂકનાર જવાબદાર કોન્ટ્રાક્ટર અને ડ્રાઈવર સામે કડક ગુનાહિત કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ બુલંદ બની છે. તંત્ર આવી બેજવાબદાર કંપનીઓ સામે ક્યારે સખત પગલાં લેશે તે જોવું રહ્યું. **રિપોર્ટ : કેતન મહેતા**



# કેશોદ: ડે ટેનિસ ક્રિકેટમાં કેબલ ઈલેવન વેરાવળ ચેમ્પિયન

**દૈનિક પલ્સ સમાચાર**: કેશોદ ખાતે સ્વ. જયભાઈ બાલસ સ્મરણાર્થે શ્રી કોળી સમાજ કેશોદ તાલુકા ક્રિકેટ ગ્રુપ દ્વારા આયોજિત ડે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૬નું ભવ્ય સમાપન થયું છે. આ સ્પર્ધામાં કેશોદ પંથકની અનેક ટીમોએ ભાગ લીધો હતો. રોમાંચક ફાઈનલ મુકાબલામાં કેબલ ઇલેવન વેરાવળની ટીમે મેદાન મારી ચેમ્પિયન ટ્રોફી પોતાના નામે કરી હતી. ધારાસભ્ય દેવાભાઈ માલમ, મનોજભાઈ ડાભી, અને વજુભાઈ ગરેજા સહિતના મહાનુભાવોએ આર્થિક સહયોગ અને હાજરી આપી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ટુર્નામેન્ટના સફળ આયોજનમાં પ્રતિકભાઈ ચાવડા, મીતભાઈ વાળા, મનોજભાઈ ભરડા અને દિનેશભાઈ ખેરનું મહત્વનું યોગદાન રહ્યું હતું. આ તકે વક્તાઓએ જણાવ્યું કે આવા આયોજનોથી સમાજમાં ભાઈચારો વધે છે અને યુવાનોને પોતાની રમતગમતની પ્રતિભા બતાવવા માટે યોગ્ય પ્લેટફોર્મ મળે છે. મોટી સંખ્યામાં ઉમટી પડેલા ક્રિકેટપ્રેમીઓએ આ ટુર્નામેન્ટને દિપાવી હતી. **રિપોર્ટ : હરેશ ભરડા**




**કેશોદમાં સ્વ. જયભાઈ બાલસ સ્મરણાર્થે આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં વેરાવળની ટીમ વિજેતા બની. ધારાસભ્ય દેવાભાઈ માલમ રહ્યા ઉપસ્થિત.**




# ભરૂચ પોલીસની સંવેદનશીલ પહેલ: 100 મહિલા પોલીસનું રસીકરણ સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લામાં મહિલા સશક્તિકરણની દિશામાં એક નવું અને મજબૂત સોપાન સર કરવામાં આવ્યું છે. ભરૂચ જિલ્લા પોલીસ દળમાં કાર્યરત મહિલા કર્મચારીઓની સુરક્ષા અને સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાધાન્ય આપતા પોલીસ અધિક્ષક શ્રી અક્ષય રાજ મકવાણા દ્વારા શરૂ કરવામાં આવેલી 'સર્વાઇકલ કેન્સર રસીકરણ' ઝુંબેશ તેના નિર્ધારિત લક્ષ્ય સાથે પૂર્ણ થઈ છે. ગતરોજ જિલ્લાની 100 મહિલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને રસીનો ત્રીજો અને અંતિમ ડોઝ આપીને આ આરોગ્યલક્ષી સુરક્ષા કવચને પૂર્ણતા આપવામાં આવી હતી.

આ ઉમદા અભિયાનનો પ્રારંભ ગત જુલાઈ મહિનામાં કરવામાં આવ્યો હતો, ત્યારબાદ સપ્ટેમ્બરમાં બીજો અને હવે જાન્યુઆરીમાં ત્રીજો ડોઝ નિર્ધારિત સમયપત્રક મુજબ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, સર્વાઇકલ કેન્સરની રસી મોંઘી હોવા છતાં, એસપી અક્ષય રાજ મકવાણાએ પોતાની ટીમની નારી શક્તિ માટે આ રસી વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવી સંવેદનશીલતા અને સક્ષમ નેતૃત્વનો પરિચય આપ્યો છે. આ અભિયાન દરમિયાન માત્ર રસીકરણ જ નહીં, પરંતુ મહિલાઓના સર્વાંગી સ્વાસ્થ્ય પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જાણીતા તબીબો દ્વારા આયોજિત વિશેષ સેમિનારોમાં બ્રેસ્ટ કેન્સર, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવા આધુનિક જીવનશૈલીના રોગો સામે કેવી રીતે લડવું તેનું સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પોતાના પરિવાર અને સમાજની રક્ષા માટે રાત-દિવસ ફરજ બજાવતી મહિલા પોલીસ શક્તિ ઘણીવાર પોતાના સ્વાસ્થ્યની અવગણના કરતી હોય છે, ત્યારે ભરૂચ પોલીસના આ 'ગાર્ડિયન' અભિગમે કર્મચારીઓમાં નવીન ઉત્સાહ અને વિશ્વાસ ભર્યો છે. આ કાર્યક્રમની સફળતાએ સાબિત કર્યું છે કે જ્યારે વહીવટી તંત્રમાં મજબૂત ઈચ્છાશક્તિ અને સંવેદના હોય, ત્યારે જાહેર સેવકોનું જીવન વધુ સુરક્ષિત અને સમૃદ્ધ બની શકે છે. ભરૂચ પોલીસની આ કામગીરીને વિવિધ સામાજિક અને રાજકીય આગેવાનોએ પણ બિરદાવી છે અને તેને અન્ય જિલ્લાઓ માટે અનુકરણીય ગણાવી છે. **રિપોર્ટ : કેતન મહેતા**



# કેશોદ જલારામ મંદિર ખાતે નેત્ર નિદાન અને આરોગ્ય કેમ્પ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદના જલારામ મંદિર ખાતે આજે આસ્થાની સાથે સેવાનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. અહીં યોજાયેલા ભવ્ય મેગા આરોગ્ય કેમ્પમાં નેત્ર નિદાન, મોતિયાના ઓપરેશન, ડાયાબિટીસ ચેકઅપ અને હોમિયોપેથી નિદાનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય દેવાભાઈ માલમ, રફીકભાઈ મહિડા અને મંદિરના ટ્રસ્ટી દિનેશભાઈ કાનાબાર સહિતના અગ્રણીઓએ દીપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મૂક્યો હતો.

કેમ્પમાં પરિતોષ પટેલ અને ડૉ. શ્વેતા પટેલે ૧૭૫ દર્દીઓની આંખની તપાસ કરી હતી, જેમાંથી ૮૪ દર્દીઓને વધુ સારવાર અને ઓપરેશન માટે રણછોડદાસજી ટ્રસ્ટ હોસ્પિટલ રાજકોટ ખાતે મોકલવામાં આવ્યા છે. હોમિયોપેથી વિભાગમાં ૨૫૦ દર્દીઓને ડૉ. નિકિતા પટેલ દ્વારા નિદાન સેવા મળી હતી. ડાયાબિટીસ વિભાગમાં પણ ૨૦૦ દર્દીઓનું પરીક્ષણ કરાયું હતું.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં દક્ષાબેન મહેતા અને અશ્વિનભાઈ પટેલ સહિતની ટીમે નોંધણીની કામગીરી સંભાળી હતી, જ્યારે ભગવતસિંહ રાયજાદા અને વિજય દાફડાએ દર્દીઓને માર્ગદર્શન આપ્યું હતું. વીએચપી અને બજરંગ દળના યુવાનોએ દર્દીઓને ભોજન અને પાણી પીરસવાની સેવા પૂરી પાડી હતી. અત્યાર સુધીમાં હજારો દર્દીઓને નવી દ્રષ્ટિ આપનાર આ સંસ્થાની કામગીરીને કેશોદ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોની જનતાએ મુક્ત કંઠે બિરદાવી હતી. **રિપોર્ટ : હરેશ ભરડા**



# પોરબંદર: ગોઢાણીયા મહિલા કોલેજ ખાતે ભવ્ય વાલી સંમેલન યોજાયું

**દૈનિક પલ્સ સમાચાર:** તંદુરસ્ત સમાજના નિર્માણમાં શિક્ષણ અને સહ-અભ્યાસ પ્રવૃત્તિઓનું વિશેષ મહત્વ છે. આ ઉમદા હેતુ સાથે પોરબંદરની શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત ડૉ. વી. આર. ગોઢાણીયા મહિલા કોલેજના ઈંગ્લીશ મીડિયમ કોમર્સ વિભાગ દ્વારા 'વાલી સંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના અત્યાધુનિક ઓડિટોરિયમમાં યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર ડૉ. કલ્પનાબેન જોષીએ સ્વાગત પ્રવચનમાં કોલેજના ઉજ્જવળ પરિણામો અને આધુનિક ટીચિંગ મેથડની વિગતો રજૂ કરી હતી. સંસ્થાના પ્રમુખ અને જાણીતા કેળવણીકાર ડૉ. વિરમભાઈ ગોઢાણીયાએ વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ અને સર્જનશીલતાને ખીલવવા માટે વાલી-શિક્ષકના સમન્વય પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જો બાળકોને યોગ્ય દિશા મળે તો તેઓ વિશ્વ સ્તરે સ્પર્ધા કરવાની ક્ષમતા ધરાવે છે. મુખ્ય મહેમાન સિબ્બી સિસ્ટરે સંસ્થાની શિસ્ત અને અત્યાધુનિક સુવિધાઓને બિરદાવી હતી.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ શૈક્ષણિક સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન અને વાર્ષિક મેગેઝિન "ધ ફેનિક્સ"નું વિમોચન હતું. આ મેગેઝિન કોલેજની વર્ષભરની શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓનો અરીસો છે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ ભારતીય સંસ્કૃતિ અને ભક્તિના રંગે રંગાયેલી વિવિધ કૃતિઓ રજૂ કરી પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. કેળવણીકાર ડૉ. ઈશ્વરભાઈ ભરડાએ વાલીઓની સક્રિયતાને કોલેજની સફળતાનો પાયો ગણાવ્યો હતો. પ્રિન્સિપાલ ડૉ. કેતન શાહે નવી શિક્ષણ નીતિના અમલીકરણ વિશે વાલીઓને માહિતગાર કર્યા હતા.

આ વાલી સંમેલનને સફળ બનાવવા માટે ડૉ. કલ્પનાબેન જોષીના માર્ગદર્શન હેઠળ પ્રો. જાગૃતિ ઓડેદરા, સ્નેહા અધ્યારુ અને સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અર્જુનભાઈ મોઢવાડીયા તેમજ અન્ય ટ્રસ્ટીગણે આ સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. વાલીઓએ પણ કોલેજની શૈક્ષણિક ગુણવત્તા અને સુરક્ષિત વાતાવરણ પ્રત્યે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો. **રિપોર્ટ : હરેશ ભરડા**





“સમાચાર તથા જાહેરાત આપવા માટે સંપર્ક કરો: ૯૯૦૯૯૧૧૧૭૫”

# કેશોદ: ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ દ્વારા અવિરત સેવાકીય પ્રવૃત્તિઓ

## કેશોદ ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજની પ્રેરણાદાયી કામગીરી

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદ શહેરમાં ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ દ્વારા સામાજિક જવાબદારી અને માનવ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. નવનિયુક્ત પ્રમુખ શ્રી કૃશાંતભાઈ વૃજલાલ પંડ્યા અને તેમની પદાધિકારીઓની ટીમે પદભાર સંભાળ્યાના એક વર્ષના ટૂંકા ગાળામાં જ સેવાકીય પ્રવૃત્તિઓના ક્ષેત્રે એક નવી ઓળખ ઊભી કરી છે. દાતાઓના અમૂલ્ય સહયોગથી આ ટીમ વ્યસ્તતા વચ્ચે પણ સમાજના કલ્યાણ માટે સતત સક્રિય રહી છે. સમાજ દ્વારા ચલાવવામાં આવતી 'અન્નપૂર્ણા યોજના' આ સેવાકાર્યોનું કેન્દ્રબિંદુ છે. જેમાં જરૂરિયાતમંદ પરિવારોની પદ્ધતિસરની ચકાસણી કરી દર મહિને રાશન કીટ તેમના ઘર સુધી પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત, તહેવારોની ઉજવણી માત્ર પોતાના પરિવાર પૂરતી મર્યાદિત ન રાખતા, સમાજના હોદ્દેદારોએ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં જઈને લોકોના ચહેરા પર સ્મિત લાવવાનું કાર્ય કર્યું છે. હોળી-ધૂળેટી, સાતમ-આઠમ અને દિવાળી જેવા તહેવારોમાં મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું છે. મકરસંક્રાંતિના પવિત્ર દિવસે જીવદયાના ભાગરૂપે ગાયોને લાડુ ખવડાવવામાં આવ્યા હતા અને ગરીબ બાળકોને ચીકી-મમરાના લાડુ તેમજ ઠંડીથી રાહત મેળવવા ધાબળાનું વિતરણ કરી સામાજિક સમરસતાનું દર્શન કરાવ્યું હતું. આ તમામ પ્રવૃત્તિઓમાં ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજના ટ્રસ્ટીમંડળ અને મહિલામંડળનો સહયોગ પાયાનો રહ્યો છે. યુવા ટીમના આ ઉત્સાહને જોઈને દાતાઓ પણ ઉમળકાભેર આગળ આવી રહ્યા છે, જેના કારણે સેવાકાર્યોનો વ્યાપ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી રાજુભાઈ પંડ્યાએ આ પ્રવૃત્તિઓની મુક્ત કંઠે પ્રશંસા કરી છે અને જણાવ્યું છે કે, કૃશાંતભાઈ અને તેમની ટીમની આ કાર્યશૈલી અન્ય જ્ઞાતિના યુવાનો માટે પણ એક દીવાદાંડી સમાન છે. સમાજ પ્રત્યેનું આ સમર્પણ આવનારી પેઢીને સેવાના માર્ગે ચાલવા પ્રોત્સાહિત કરશે તે નિશ્ચિત છે. **રિપોર્ટ : હરેશ ભરડા**



# ખેડા: વૃદ્ધાશ્રમમાં છુપાયેલો 10 લાખનો ઉચાપતખોર ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** 'સેવા, સુરક્ષા અને શાંતિ'નું સૂત્ર ધરાવતી ગુજરાત પોલીસના હાથે એક મોટો ફિશિયાર ઝડપાયો છે. ખેડાના ચકલાસી પોલીસ સ્ટેશનની ટીમે આઠ વર્ષથી ફરાર અને ₹9.83 લાખની સરકારી નાણાંની ઉચાપતના આરોપી વલજીભાઈ કાનજીભાઈ રોહિતને દબોચી લીધો છે. આરોપી વલજીભાઈ 2016માં કંજરી પે સેન્ટર સ્કૂલમાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમણે પદનો દુરુપયોગ કરી લાખોની માતબર રકમની ગેરરીતિ આચરી હતી. વિગતો મુજબ, આરોપીએ ₹14.90 લાખ સરકારી ભંડોળમાંથી ઉપાડી લીધા હતા. જેમાંથી માત્ર ₹5.07 લાખ જ જમા કરાવ્યા હતા અને બાકીની રકમનો હિસાબ આપ્યા વગર જ બિનઅધિકૃત રજા પર ઉતરી ફરાર થઈ ગયો હતો. આ બાબતે ચકલાસી પોલીસ મથકે આઈપીસી કલમ 409 હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસ અધિક્ષક વિજય પટેલની સૂચનાથી પીઆઈ એમ.બી. ભરવાડની ટીમે સઘન તપાસ હાથ ધરી હતી. બાતમી મળી હતી કે આરોપી સુરેન્દ્રનગરના "સહયોગ વૃદ્ધાશ્રમ"માં છુપાયેલો છે. પોલીસે ત્યાં ત્રાટકીને આ કૌભાંડીની ધરપકડ કરી છે. એક ગુરુનું પદ ધરાવતો વ્યક્તિ જ્યારે સરકારી તિજોરી પર ચોરી કરે છે, ત્યારે તે સમાજ માટે કલંક સમાન છે. આ ધરપકડ ફરાર ગુનેગારો માટે એક કડક ચેતવણી છે. **રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



# વિજયનગર: ઉત્તરાયણમાં બીભત્સ ચેનચાળા અને જાનથી મારી નાખવાની ધમકી

**દૈનિક પલ્સ સમાચાર:** ઉત્તરાયણનો તહેવાર હર્ષ અને ઉમંગનો હોય છે, પરંતુ વિજયનગરમાં તે ભય અને દહેશતનો પર્યાય બની ગયો છે. વિજયનગરના શહેરી વિસ્તારના પાડવ ફળીમાં ગત ૧૪મી જાન્યુઆરીએ પતંગ ચગાવતી વખતે શરૂ થયેલી માથાકૂટ હવે પોલીસ મથકે પહોંચી છે. પડોશમાં રહેતા કેટલાક યુવકોએ ધાબા પર પતંગ ચગાવતા પરિવારની મહિલાઓ અને સભ્યો સામે બીભત્સ ચેનચાળા કર્યા હતા. વાસી ઉત્તરાયણે પણ આ ગેરવર્તન ચાલુ રહેતા મામલો ગંભીર બન્યો હતો. જ્યારે ગામના આગેવાનોને આ લુખ્ખાગીરી અંગે જાણ કરવામાં આવી, ત્યારે આરોપીઓ વધુ ઉશ્કેરાયા હતા. રવિવારે રાત્રે પીડિત પરિવાર ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે આ યુવકોએ રસ્તો રોકી શરમજનક વર્તન કર્યું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જોતજોતામાં ત્યાં ૧૦૦ થી ૧૫૦ લોકોનું હિંસક ટોળું જમા થઈ ગયું હતું. આ ટોળામાં રહેલી એક મહિલાએ હાથમાં ઈંટ ઉઠાવી હુમલો કરવાની અને ખતમ કરી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના સાબિત કરે છે કે અસામાજિક તત્વોને પોલીસનો કોઈ ખોફ રહ્યો નથી. વિજયનગર પોલીસે 8 શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે, તહેવારના દિવસોમાં થયેલી આ ઘટનાએ પોલીસની પેટ્રોલીંગ અને સુરક્ષા વ્યવસ્થાની પોકળતા છતી કરી દીધી છે.



**સાબરકાંઠાના વિજયનગરમાં ઉત્તરાયણનો ઉમંગ લોહીલુહાણ બન્યો છે. પાડવ ફળીમાં પતંગ ચગાવતી વખતે બીભત્સ ચેનચાળા અને ત્યારબાદ જાનથી મારી નાખવાની ધમકી આપવાના મામલે 8 શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. તહેવારોમાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. રિપોર્ટ : જનક જાદવ**

# લાલોડા: ખેડૂતોને પીએમ પ્રણામ અને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન

**દૈનિક પલ્સ સમાચાર:** ઇડર તાલુકાના લાલોડા ગામે ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઇઝર & કેમિકલ્સ લિમિટેડ (GNFC), ભરૂચ દ્વારા પીએમ પ્રણામ યોજના અંતર્ગત જનજાગૃતિ સભા યોજાઈ હતી. આ સભામાં સાબરકાંઠા નાયબ ખેતી નિયામક કલ્પેશભાઈ દેસાઈએ ખેડૂતોને પીએમ પ્રણામ યોજનાના હેતુઓથી અવગત કર્યા હતા. ખેડબ્રહ્મા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. જનકભાઈ મિસ્ત્રીએ રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતી અપનાવવા હાકલ કરી હતી. GGRC હિંમતનગરના પ્રતિનિધિઓએ ટપક અને ફુવારા સિંચાઈ પદ્ધતિ દ્વારા પાણીની બચત અને ઉત્પાદન વૃદ્ધિ વિશે માહિતી આપી હતી. GNFC ના એરિયા મેનેજર કૈલાશભાઈ અને જિલ્લા અધિકારી રોહન બ્રહ્મભટ્ટે જમીનની ફળદ્રુપતા જાળવવા જમીન પૃથક્કરણ કરાવવા અને નીમ ઓઈલ તેમજ સીટી કમ્પોસ્ટ જેવા ઓર્ગેનિક ઉત્પાદનો વાપરવા ભલામણ કરી હતી. મનનભાઈ પંચાલ દ્વારા સંચાલિત આ સભામાં ૧૦૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કૃષિ ક્ષેત્રે આવતા પરિવર્તનો વિશે ઉપયોગી જ્ઞાન મેળવ્યું હતું. **રિપોર્ટ : જનક જાદવ**



# શિક્ષક જોગા પટેલને મળ્યો ગુજરાત સારસ્વત સન્માન એવોર્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાના ધરણીધર તાલુકા માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. દૈયપ ગામના રહેવાસી અને મીઠાવિરાણા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા કર્મનિષ્ઠ શિક્ષક શ્રી જોગાભાઈ દરઘાભાઈ પટેલને શિક્ષણ જગતના પ્રતિષ્ઠિત 'ગુજરાત સારસ્વત સન્માન એવોર્ડ' થી નવાજવામાં આવ્યા છે. પાલનપુર ખાતે નોલેજ વેલી ફાઉન્ડેશન અને ધ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા આયોજિત એક ગરિમામય કાર્યક્રમમાં આ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. જોગા પટેલની પસંદગી તેમની શાળામાં નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ ના અસરકારક અમલીકરણ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવેલી અનન્ય કામગીરીને આધારે કરવામાં આવી છે. તેઓ માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહીં, પરંતુ બાળકોને ગુણવત્તાયુક્ત અને ટેકનોલોજી આધારિત શિક્ષણ આપવા માટે જાણીતા છે. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ તેમને શિલ્ડ, સન્માન પત્ર અને ખેસ અર્પણ કરી તેમની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી. આ પ્રકારના સન્માનથી સમાજમાં શિક્ષકોનું માન-સન્માન વધે છે અને અન્ય શિક્ષકોને પણ પ્રોત્સાહન મળે છે. જોગાભાઈએ આ એવોર્ડને તેમના વિદ્યાર્થીઓ અને શાળાના સાથી મિત્રોને સમર્પિત કર્યો છે. તેમની આ મોટી સફળતા બદલ ધરણીધર પંથકના ગ્રામજનો, શિક્ષણ વિભાગના અધિકારીઓ અને સ્નેહીજનો દ્વારા સોશિયલ મીડિયા અને રૂબરૂ મળીને અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.
**રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**



**મીઠાવિરાણા પ્રાથમિક શાળાના શિક્ષક જોગા પટેલને શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા બદલ પાલનપુરમાં સન્માનિત કરાયા. જાણો તેમની સિદ્ધિ વિશે.**

# ભોલેશ્વર મહાદેવ મંદિરે શિવ મહાપુરાણ કથાની ભવ્ય પૂર્ણાહુતિ

**દૈનિક પલ્સ સમાચાર:** આસ્થા અને ભક્તિના સંગમ સમાન ભોલેશ્વર મહાદેવ મંદિર ખાતે તાજેતરમાં શિવ મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન સંપન્ન થયું. તા. 10/01/26 થી 18/01/26 દરમિયાન યોજાયેલા આ ધાર્મિક મહોત્સવમાં વડોદરાના સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય શ્રી રમેશભાઈ શાસ્ત્રીજીએ શિવ પુરાણનું સચોટ અને સુમધુર અધ્યયન કરાવ્યું હતું. મંદિર ટ્રસ્ટ દ્વારા આ પ્રસંગે મુખ્ય દાતા શ્રી જીગ્નેશભાઈ ડાહ્યાભાઈ પટેલ (હાંસલપુર) તેમજ ડૉ. સુમનચંદ્ર રાવલનું શાલ અને સ્મૃતિચિહ્ન આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં ટ્રસ્ટીગણ સર્વશ્રી બદ્રીનારાયણ મિસ્ત્રી, ગોપાલસિંહ રાઠોડ, ગિરીશભાઈ ભાવસાર અને અન્ય તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. દરરોજ મોટી સંખ્યામાં ઉમટી પડતા ભક્તોને કારણે સમગ્ર પરિસરમાં શિવમય વાતાવરણ સર્જાયું હતું. કથાની પૂર્ણાહુતિ બાદ ભવ્ય આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ ભક્તોએ આશીર્વાદ લઈ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ આયોજનથી પંથકમાં ભક્તિની નવી લહેર પ્રસરી છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



# ડાંગ: ભરતીમાં સગાવાદ અને શાળાઓની ગેરરીતિ સામે યુવાનોનો રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લામાં શૈક્ષણિક ગેરરીતિ અને રોજગારીમાં થતા અન્યાય સામે સ્થાનિક યુવા શક્તિએ અવાજ ઉઠાવ્યો છે. સામાજિક કાર્યકર્તા નીતિનભાઈ રાઉતની આગેવાનીમાં યુવાનો દ્વારા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપી બે ગંભીર મુદ્દાઓ પર વહીવટી તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે.
પ્રથમ રજૂઆતમાં, સાંદિપની વિદ્યાનિકેતન સંચાલિત ચિખલી અને નડગચોંડ માધ્યમિક શાળાઓની કાર્યપદ્ધતિ પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે. RTE અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ના ઉલ્લંઘન બાબતે અગાઉ શિક્ષણ વિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવી હોવા છતાં સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. નીતિનભાઈએ જણાવ્યું કે સરકાર જ્યારે ટ્રસ્ટને શાળા સોંપે છે ત્યારે હેતુ બાળકોને શ્રેષ્ઠ સુવિધા આપવાનો હોય છે, પરંતુ અહીં સુવિધાઓનો અભાવ છે અને પરિણામ પણ નબળું છે. આથી, વાલીઓના હિતમાં આ શાળાઓની ગ્રાન્ટ કાપવી જોઈએ અથવા તેનું સંચાલન સરકાર હસ્તક લઈ લેવું જોઈએ. બીજા અને અત્યંત સંવેદનશીલ મુદ્દામાં, જિલ્લાની સરકારી કચેરીઓમાં આઉટસોર્સિંગ એજન્સીઓ દ્વારા થતી ભરતીમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ડાંગના શિક્ષિત અને જરૂરિયાતમંદ આદિવાસી યુવાનોને રોજગારીથી વંચિત રાખવા માટે આ ભરતીઓ છૂપી રીતે કરવામાં આવે છે. એજન્સીઓ અને કચેરીના મળતિયા અધિકારીઓ મેરિટને બાજુ પર મૂકી માત્ર પોતાના સગા-સંબંધીઓની જ ભરતી કરે છે, જે ગુજરાત સિવિલ સર્વિસીસ (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ નો સ્પષ્ટ ભંગ છે. આવેદનપત્ર દ્વારા યુવાનોએ માંગ કરી છે કે અત્યાર સુધી થયેલી તમામ આઉટસોર્સિંગ ભરતીઓની ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવે અને ભવિષ્યમાં કોઈપણ ભરતી મેરિટ અને સંપૂર્ણ પારદર્શિતાના આધારે જ થાય તેની ખાતરી કરવામાં આવે. આ રજૂઆત વેળાએ યુવાનોએ સ્પષ્ટ કર્યું હતું કે જો તંત્ર આ બાબતે ઉદાસીનતા દાખવશે, તો તેઓ ન્યાય માટે આંદોલનનો માર્ગ અપનાવશે અને ગાંધીનગર સુધી રજૂઆત કરશે. ડાંગના યુવાનોના ભવિષ્ય સાથે થતા ચેડાં હવે ચલાવી લેવામાં નહીં આવે તેવો સૂર અહીં વ્યક્ત થયો હતો. **રિપોર્ટ : સંદીપ ચૌધરી**



# હિંમતનગર: વિદ્યાનગરીમાં પારુલબા ઓડિટોરિયમ અને જ્ઞાનસત્રનો પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સ્થિત વિદ્યાનગરીમાં શિક્ષણ અને સંસ્કારની જ્યોત વધુ પ્રજ્વલિત બની હતી. વિશ્વમંગલમ્ કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટ્સ કોલેજના યજમાન પદે 19 જાન્યુઆરી 2026ના રોજ 'પારુલબા ઓડિટોરિયમ'નું ઉદ્ઘાટન અને 'મા. ડૉ. ડી. એલ. પટેલ જ્ઞાનસત્ર 2026' સમારોહ સંપન્ન થયો હતો. આ સમારોહ વિદ્યાનગરીના સ્થાપક અને વરિષ્ઠ શિક્ષણવિદ ડૉ. ડી. એલ. પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.
કાર્યક્રમની શરૂઆત ઉદ્ઘાટક પ્રો.ડૉ. યોગેન્દ્ર અગ્નિહોત્રીજીના હસ્તે કરવામાં આવી હતી. આશીર્વાદ વચન આપતા બ્રહ્માકુમારી શોભનાબેને જીવનમાં શાંતિ અને સંયમનું મહત્વ સમજાવ્યું હતું. મુખ્ય વક્તા પદેથી બી.કે. ડૉ. દામિનીબેહેને "સંસ્કાર અને મૂલ્યો જીવનની સફળતાનો આધાર" વિષય પર અત્યંત મનનક્ષમ વક્તવ્ય આપ્યું હતું. તેમણે સોદાહરણ સમજાવ્યું હતું કે આધુનિક યુગમાં સફળતા મેળવવા માટે માનસિક દ્રઢતા અને નૈતિક મૂલ્યો અનિવાર્ય છે.
સંસ્થાના ઉપપ્રમુખ નારાયણભાઈ ઉપાધ્યાય, મંત્રી દેવેન્દ્રભાઈ સુતરીયા તેમજ ટ્રસ્ટીઓ મહેન્દ્રભાઈ પટેલ, જયદીપભાઇ પટેલ અને અક્ષયભાઈ પટેલની ગરિમામય હાજરીએ કાર્યક્રમની શોભા વધારી હતી. મહિલા આર્ટ્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કનૈયાલાલ પટેલે તમામ મહેમાનોને આવકારી વિદ્યાનગરીની વિકાસયાત્રા અને જ્ઞાનસત્રની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ડૉ. ડી. એલ. પટેલે પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં ભાર મૂક્યો હતો કે નવી પેઢી રાષ્ટ્ર નિર્માણ માટે સજ્જ બને તે માટે મૂલ્ય આધારિત શિક્ષણ પાયાની જરૂરિયાત છે. આ પ્રસંગે વિદ્યાનગરીની તેજસ્વી પ્રતિભાઓને બહુમાનિત કરી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. અંતમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમોએ ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. અરવિંદ એસ. પટેલે કર્યું હતું અને આભાર દર્શન પ્રિ. ડૉ. હર્ષદભાઈ ત્રિવેદીએ કર્યું હતું. આ કાર્યક્રમ હિંમતનગરના શિક્ષણ પ્રેમીઓ માટે એક અમૂલ્ય સંભારણું બની રહ્યો હતો.



**હિંમતનગરની વિદ્યાનગરી ખાતે પારુલબા ઓડિટોરિયમનું ઉદ્ઘાટન અને 'ડૉ. ડી. એલ. પટેલ જ્ઞાનસત્ર-2026' સંપન્ન થયું. ડૉ. ડી. એલ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં શિક્ષણવિદો અને મહાનુભાવોએ વિદ્યાર્થીઓને જીવનમાં સંસ્કાર અને મૂલ્યોનું મહત્વ સમજાવ્યું હતું.**

# નર્મદા: કલેક્ટર એસ.કે.મોદીની અધ્યક્ષતામાં રક્તપિત્ત બેઠક યોજાઈ

## નર્મદામાં ૩૦ જાન્યુઆરીથી સ્પર્શ રક્તપિત્ત જાગૃતિ અભિયાન



**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લામાં 'રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ'ને વેગ આપવા માટે જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેશન કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરશ્રીએ રક્તપિત્ત મુક્ત નર્મદાના સંકલ્પ સાથે આગામી જનજાગૃતિ અભિયાનનું માળખું તૈયાર કર્યું હતું. તેમણે રક્તપિત્ત થવાના કારણો અને લક્ષણો વિશે લોકોમાં રહેલી ગેરમાન્યતાઓ દૂર કરવા અને જાગૃતિ લાવવા આરોગ્ય વિભાગને તાકીદ કરી હતી.

લેપ્રસી અધિકારી ડો. હેતલ ચૌધરીએ વિગતો આપતા કહ્યું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ ૩૦ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી-૨૦૨૬ દરમિયાન ૧૫ દિવસીય 'સ્પર્શ રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન' ચલાવવામાં આવશે. આ વર્ષે "Ending Discrimination, Ensuring Dignity" થીમ સાથે સામાજિક ભેદભાવ નાબૂદ કરવા પર ભાર મૂકવામાં આવશે. અભિયાન દરમિયાન શાળાઓમાં ક્વિઝ, પત્રિકા વિતરણ, પપેટ શો, આરોગ્ય તપાસણી અને જનજાગૃતિ રેલીઓનું આયોજન કરવામાં આવશે. કલેક્ટર એસ.કે.મોદીએ જણાવ્યું હતું કે, જિલ્લા-તાલુકા સહિત ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને શાળાઓના માધ્યમથી રક્તપિત્ત અંગેની સાચી માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અભિયાનને સફળ બનાવવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને લોકોની સહભાગીદારી વધે તે માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

**રિપોર્ટ : વસીમ મેમન**

# વરેલીમાં આતંક: પાન ગલ્લાના યુવક પર ચપ્પુના ઘા ઝીંક્યા

**દૈનિક પલ્સ સમાચાર:** પલસાણાના વરેલી વિસ્તારમાં જાહેરમાં હિંસાની ઘટનાઓ વધતા સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ છે. વલ્લભનગર પાસે પાનનો ગલ્લો ધરાવતા દોલત ઝા નામના યુવક પર થયેલો હુમલો પૂર્વ આયોજિત કાવતરું હોય તેમ જણાય છે. રાત્રિના સમયે જ્યારે શાંતિનું વાતાવરણ હોવું જોઈએ, ત્યારે સફેદ મોપેડ પર સવાર થઈને આવેલા અસામાજિક તત્વો સાગર વાંસફોડા અને લાલાએ આતંક ફેલાવ્યો હતો.

જૂની અદાવતને મનમાં રાખીને આવેલા આ હુમલાખોરોએ 'ગલ્લો કેમ હટાવતો નથી' તેમ કહી ગાળાગાળી કરી ચપ્પુ કાઢ્યું હતું. યુવકને બચાવવા માટે તેના મિત્રોએ પ્રયાસ કર્યા હોવા છતાં, બેફામ બનેલા સાગરે યુવકના બંને પગે ચપ્પુના ઘા મારી તેને લોહીલુહાણ કરી દીધો હતો. હુમલા બાદ 'જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી આરોપીઓ બિન્દાસ્ત ફરાર થઈ ગયા, જે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસની નબળી સુરક્ષા વ્યવસ્થાનો પુરાવો છે. ૧૦૮ મારફતે ગંભીર હાલતમાં યુવકને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો જ્યાં તેને ટાંકા લેવા પડ્યા હતા. હજારો શ્રમિકો ધરાવતા આ વિસ્તારમાં જો પાન ગલ્લા ચલાવતા વેપારીઓ પણ સુરક્ષિત નથી, તો સામાન્ય જનતાનું શું? પોલીસ માત્ર ગુનો નોંધીને સંતોષ માને છે કે પછી આ ગુંડાઓને કાયદાનું ભાન કરાવશે તે જોવાનું રહ્યું.

**રિપોર્ટ : સરફરાઝ શેખ**

**પલસાણાના વરેલીમાં ગુંડારાજ ફૂલીફાલી રહ્યું છે. જૂની અદાવતમાં પાનનો ગલ્લો હટાવવા જેવી સામાન્ય બાબતે બે શખ્સોએ યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે, પરંતુ ગુનેગારોમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી.**

# વડાલી: બી.જી. શાસ્ત્રી હાઈસ્કૂલમાં 1996-97 બેચનું સ્નેહમિલન યોજાયું

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના શૈક્ષણિક નકશા પર અગ્રેસર વડાલીની શ્રી બી.જી. શાસ્ત્રી હાઇસ્કૂલ ખાતે 1996-97ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો 'સ્નેહસેતુ' સમાન મિલન કાર્યક્રમ અત્યંત ભવ્ય રીતે યોજાયો હતો. આ કાર્યક્રમ સાબિત કરે છે કે આપણી શિક્ષણ પ્રણાલી માત્ર જ્ઞાન જ નહીં, પણ આજીવન ટકી રહે તેવા સંબંધોના સંસ્કાર પણ આપે છે. 18 જાન્યુઆરી, 2026ના આ ઐતિહાસિક દિવસે શાળાનું પટાંગણ વર્ષો જૂના મિત્રોના હાસ્ય અને ઉત્સાહથી ગુંજી ઉઠ્યું હતું. સ્નેહમિલનમાં ઉપસ્થિત રહેલા 40 જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સૌ પ્રથમ જે મિત્રો આજે આપણી વચ્ચે શારીરિક રીતે હાજર નથી, તેમને યાદ કરી બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી માનવતા અને મૈત્રીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે શાળાના આદરણીય આચાર્ય ડો. હસમુખભાઈ પટેલ, સમર્પિત શિક્ષક ગણ અને લોકસેવક સમાન ટ્રસ્ટી કાંતિલાલ પટેલની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને બિરદાવતા કહ્યું કે, જે શિષ્યો પોતાની માતૃસંસ્થાને યાદ રાખે છે તે જ સાચા અર્થમાં દેશના ઘડવૈયા છે. સ્નેહમિલન દરમિયાન વિદ્યાર્થીઓએ સ્ટેજ પરથી પોતાના વિચારો અને જીવનના અનુભવો રજૂ કર્યા હતા, જે સાંભળીને સૌ કોઈ મંત્રમુગ્ધ બન્યા હતા. વર્ષો પછી જૂના બેન્ચમેટને મળવાનો આનંદ દરેકના ચહેરા પર સ્પષ્ટ જોઈ શકાતો હતો. આ તકે વિદ્યાર્થીઓએ પોતાની સફળતાનો શ્રેય શાળાને આપતા આ સંસ્થાના વિકાસ માટે સપ્રેમ ભેટ અર્પણ કરી હતી, જે તેમની ઉદારતા અને શાળા પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. સરકારના 'શિક્ષિત ગુજરાત, વિકસિત ગુજરાત'ના વિઝનને આવા સ્નેહમિલન કાર્યક્રમો બળ પૂરું પાડે છે. અંતમાં સૌ મિત્રોએ સ્વાદિષ્ટ ભોજન સાથે જૂની યાદોને કાયમ માટે હૃદયમાં કેદ કરી, એકબીજાને પ્રેમથી વિદાય આપી હતી. આ સ્નેહમિલન વડાલી પંથકમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે અને અન્ય પેઢીઓ માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે.

**રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



# NSUI દ્વારા ગુજરાતભરમાં નશામુક્ત કેમ્પસ અભિયાનનો પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** દેશના નિર્માણમાં યુવાનોનું યોગદાન સર્વોપરી છે, પરંતુ વર્તમાન સમયમાં યુવાધનને નશાના માર્ગે ધકેલવામાં આવતું હોવાની ગંભીર ચિંતા સાથે NSUI એ મેદાને આવ્યું છે. NSUI દ્વારા રાજ્યભરના તમામ શૈક્ષણિક કેમ્પસમાં 'નશામુક્ત કેમ્પસ' બનાવવાના સંકલ્પ સાથે એક વ્યાપક અભિયાન હાથ ધરાયું છે.

આ અભિયાન અંતર્ગત નેશનલ કોલેજ ઓફ કોમર્સના કેમ્પસમાં એક વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા અને જીવનભર નશાથી દૂર રહેવાના તથા કેમ્પસને નશામુક્ત રાખવાના શપથ લીધા હતા. NSUI ના મતે, જો યુવાન જાગૃત અને શિક્ષિત હશે તો તે દેશની સમસ્યાઓ પર પ્રશ્નો પૂછશે, અને આ અવાજને રોકવા માટે તેને નશાના રવાડે ચડાવવામાં આવે છે. આ ષડયંત્ર સામે લડવા માટે વિદ્યાર્થી સંગઠન હવે દરેક કેમ્પસમાં જઈને યુવાનોને જાગૃત કરી રહ્યું છે. વિદ્યાર્થીઓએ આ અભિયાનને અભૂતપૂર્વ સમર્થન આપી નશામુક્ત સમાજ બનાવવાનો નિર્ધાર કર્યો છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**









# ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીને માર: ક્રાઈમ હબ અમદાવાદ?

**દૈનિક પલ્સ સમાચાર:** સ્માર્ટ સિટી અમદાવાદ હવે ધીમે ધીમે 'ક્રાઇમ સિટી'માં પરિવર્તિત થઈ રહ્યું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી હદે કથળી છે કે હવે શાળાના કેમ્પસમાં પણ વિદ્યાર્થીઓ સલામત નથી. નાની ઉંમરે 'ચડી ડોન' બનવાનો ક્રેઝ અને અસામાજિક તત્વોની વધતી દાદાગીરીને કારણે સામાન્ય નાગરિકો ત્રસ્ત છે. હજી સેવન ડે સ્કૂલનો વિવાદ શમ્યો નથી, ત્યાં ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીને ઢોર માર મારવાનો કિસ્સો સામે આવતા સમગ્ર વિસ્તારમાં રોષ ફાટી નીકળ્યો છે.

આ કિસ્સો શિક્ષણ જગતની વરવી વાસ્તવિકતા અને સ્કૂલ સત્તાવાળાઓની નઘરોળ નીતિને ખુલ્લી પાડે છે. વાલીઓ પોતાના પેટે પાટા બાંધીને હજારો-લાખો રૂપિયાની ફી ખાનગી શાળાઓમાં ભરે છે, જેથી તેમના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ અને સુરક્ષા મળી શકે. પરંતુ નેશનલ સ્કૂલ જેવી સંસ્થાઓમાં સુરક્ષાના નામે માત્ર પોકળ દાવાઓ જ કરવામાં આવે છે. જ્યારે કેમ્પસમાં જ મારામારી થતી હોય અને સત્તાધીશો મૌન રહી આરામ ફરમાવતા હોય, ત્યારે સમજવું જોઈએ કે શિક્ષણ હવે માત્ર ધંધો બની ગયું છે. આવા કિસ્સાઓ કઈ દિશામાં આંગળી ચીંધી રહ્યા છે? શું હવે વાલીઓએ પોતાના બાળકોને સ્કૂલ મોકલતા પહેલા દસ વાર વિચારવો પડશે? શું સ્કૂલ સંચાલકો માત્ર ફી ઉઘરાવવા પૂરતા જ જવાબદાર છે? જો આવતીકાલે કોઈ વિદ્યાર્થી સાથે અઘટિત ઘટના બનશે કે કોઈનો જીવ જશે, તો તેનો જવાબદાર કોણ? પોલીસ તંત્ર અને શિક્ષણ વિભાગની રહેમનજર હેઠળ ચાલતી આવી બેદરકાર શાળાઓ સામે કડક પગલાં કેમ લેવામાં આવતા નથી? અમદાવાદમાં વધતો જતો આ સ્કૂલ ક્રાઈમ ગંભીર ચેતવણી સમાન છે અને જો અત્યારે જ લગામ નહીં કસાય, તો પરિસ્થિતિ હાથ બહાર નીકળી જશે.




**અમદાવાદ જાણે ગુનેગારોનું હબ બની રહ્યું છે. સેવન ડે સ્કૂલની ઘટના બાદ હવે ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીને માર મારવાનો કિસ્સો સામે આવતા ખળભળાટ મચી ગયો છે. લાખોની ફી ઉઘરાવતી સ્કૂલોમાં સુરક્ષાના નામે માત્ર મીંડું છે.**

# અંબાલા ગામે પાટીદાર સમાજ દ્વારા ધાર્મિક પાટોત્સવનું આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** અંબાલાના પવિત્ર આંગણે સમસ્ત પાટીદાર સમાજ દ્વારા આયોજિત ભવ્ય નવચંડી યજ્ઞ અને પાટોત્સવ સામાજિક એકતા અને ધાર્મિક આસ્થાનું જીવંત ઉદાહરણ પૂરું પાડી રહ્યો છે. આ મહોત્સવની ઉજવણીમાં પાટીદાર સમાજની પરંપરા અને સંસ્કારોની ભવ્યતા દેખાઈ રહી છે. પ્રથમ દિવસે રાત્રે રાસગરબાના આયોજન સાથે મહોત્સવનો પ્રારંભ થશે, જેમાં પ્રખ્યાત ગાયિકા ખુશ્બુ આસોડીયા ભક્તિની સરવાણી વહેવડાવશે. આ પવિત્ર કાર્યમાં દાતાશ્રી સ્વ. જીગ્નેશભાઈ ભરતભાઈ પરિવાર અને પટેલ રમણભાઈ ઇશ્વરદાસનો સહયોગ પ્રસંશાપાત્ર રહ્યો છે. આગામી તારીખ 21 ને બુધવારના રોજ શાસ્ત્રી ચંદ્રકાંતભાઈ નટવરલાલ વ્યાસના પૌરોહિત્ય હેઠળ નવચંડી હવનનો પ્રારંભ થશે. હવનના મુખ્ય યજમાન પદે રસિકભાઈ મણિલાલ પટેલ (વકીલ) સેવા આપશે. ધાર્મિક વિધિઓ સાથે આ પ્રસંગમાં દાનની સરવાણી પણ વહી રહી છે, જેમાં સ્વ. રામાભાઇ લવજીભાઈ અને સ્વ. રણછોડભાઈ પટેલના પરિવારે યજ્ઞના ખર્ચની જવાબદારી ઉપાડી છે. સમાજની દીકરીઓને શક્તિનું સ્વરૂપ ગણી, કલ્પેશભાઇ બળદેવભાઈ (USA) અને શ્રી શક્તિ નવરાત્રી મંડળ દ્વારા તમામ દીકરીઓને ભેટ આપી સન્માનિત કરવામાં આવશે, જે સમાજમાં નારી શક્તિના ગૌરવને ઉજાગર કરે છે.

આ પાટોત્સવના સફળ આયોજન માટે પટેલ જગદીશભાઈ ઈશ્વરભાઈ સહિતના અગ્રણીઓએ જહેમત ઉઠાવી છે. બપોરે અને રાત્રે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે સમસ્ત પાટીદાર ભાઈઓ-બહેનોના સહયોગથી સંપન્ન થશે. અંબાલા ગામમાં હાલ ઉત્સવનો માહોલ છે અને ચારેબાજુ ભક્તિમય ગુંજારવ સંભળાઈ રહ્યો છે. પાટીદાર સમાજે આ ધાર્મિક પ્રસંગમાં પધારી દર્શન અને પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે. આ પ્રકારના આયોજનોથી સમાજમાં સંગઠનશક્તિ અને આસ્થાનો અનોખો સંગમ રચાયો છે.

**રિપોર્ટ : ભુરાજી ઝાલા**



**અંબાલા ગામે સમસ્ત પાટીદાર સમાજ દ્વારા ભવ્ય પાટોત્સવ અને નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. રાસગરબાની રમઝટ, નવચંડી હવન અને દીકરીઓને ભેટ વિતરણ જેવા ધાર્મિક અને સામાજિક પ્રસંગો સાથે ગામમાં ભક્તિમય માહોલ છવાયો છે.**

# અમદાવાદ: દાણીલીમડામાં ઈમરાન ખેડાવાલાના હસ્તે શોરૂમ પ્રારંભ

## ઈમરાન ખેડાવાલાના હસ્તે દાણીલીમડામાં નવા શોરૂમનું ઉદ્ઘાટન

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં સામાજિક અને આર્થિક ઉત્થાનના પ્રતીક સમાન એક ભવ્ય ટુ-વ્હીલર શોરૂમનો પ્રારંભ થયો છે. જમાલપુર-ખાડિયા વિસ્તારના લોકપ્રિય અને જનસેવાને વરેલા ધારાસભ્ય શ્રી ઈમરાન ખેડાવાલાના હસ્તે આ શોરૂમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ધારાસભ્યએ આ પ્રસંગે આયોજકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, સ્થાનિક સ્તરે આવા નવા વ્યવસાયિક કેન્દ્રો શરૂ થવાથી વિસ્તારના વિકાસને નવી ગતિ મળે છે અને યુવાનો માટે તકો ઊભી થાય છે.

આ ગરિમામય ઉદ્ઘાટન સમારોહમાં અમદાવાદના સન્માનીય મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રી તસ્નીમઆલમ બાવા સાહેબ તિરમીઝી અને પ્રખર વિદ્વાન મુફ્તી અઝઝદ સાહેબે પણ હાજરી આપી હતી. આયોજકો દ્વારા તમામ મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુફ્તી સાહેબ દ્વારા કરવામાં આવેલી વિશેષ દુઆ અને આશીર્વાદ સાથે શોરૂમનો શુભારંભ થયો હતો. કાઉન્સિલર તસ્નીમઆલમ બાવાએ આ તકે આયોજકોના વિઝનને બિરદાવ્યું હતું અને વેપારમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આ પ્રસંગે હાજર જનમેદનીને સંબોધતા કહ્યું કે, વિસ્તારના લોકોની સેવા અને સુવિધા એ તેમની પ્રાથમિકતા છે અને આવા આધુનિક શોરૂમથી ગ્રાહકોને વાહન ખરીદીમાં મોટી રાહત મળશે. આયોજકોએ ધારાસભ્ય અને અન્ય નેતાઓનો આભાર માન્યો હતો કે તેમણે વ્યસ્ત સમય વચ્ચે પણ હાજરી આપી ઉત્સાહ વધાર્યો છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન ખૂબ જ શિસ્તબદ્ધ રીતે કરવામાં આવ્યું હતું, જેમાં વિસ્તારના પ્રતિષ્ઠિત નાગરિકો, સામાજિક કાર્યકરો અને વેપારી વર્ગ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. દાણીલીમડાના આંગણે યોજાયેલો આ ઉદ્ઘાટન પ્રસંગ સામાજિક એકતા અને વ્યાપારિક ઉત્સાહનું અનોખું પ્રતીક બની રહ્યો હતો. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**દાણીલીમડામાં નવા ટુ-વ્હીલર શોરૂમનું ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને મહાનુભાવો દ્વારા ઉદ્ઘાટન કરાયું. આયોજકોને પાઠવી શુભેચ્છા.**

# અમદાવાદ વાહન ચોર હિતેશ જૈન ધરપકડ

## અમદાવાદમાં 71 ગુનામાં સંડોવાયેલો રીઢો વાહન ચોર ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેરના ઝોન-1 LCB એ એક એવા વાહન ચોરને ઝડપી પાડ્યો છે જેણે શહેરભરમાં આતંક મચાવ્યો હતો. હિતેશ જૈન નામનો આ 49 વર્ષીય શખ્સ લાંબા સમયથી પોલીસને થાપ આપી રહ્યો હતો. ચોક્કસ બાતમીના આધારે પોલીસે તેની ધરપકડ કરી ત્યારે તેની પાસેથી ₹85,000 ની કિંમતના 5 ચોરીના વાહનો મળી આવ્યા હતા. જેમાં 4 એક્ટિવા અને 1 એવિએટરનો સમાવેશ થાય છે. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે તે કોઈ ખાસ ગેંગ સાથે નહીં પણ એકલો જ વાહન ચોરીને અંજામ આપતો હતો. તેની ચોરી કરવાની રીત અનોખી હતી; તે એક જગ્યાએથી વાહન ચોરીને તેને રખડવા માટે ઉપયોગમાં લેતો અને ઇંધણ ખતમ થતા જ તેને બિનવારસી હાલતમાં મૂકી બીજું વાહન શોધી લેતો હતો. પોલીસ રેકોર્ડ મુજબ, હિતેશ જૈન સામે અગાઉના વર્ષોમાં વસ્ત્રાપુર, શાહીબાગ, મણિનગર અને ચાંદખેડા જેવા વિસ્તારોમાં કુલ 71 જેટલા ચોરીના ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ સફળ કામગીરીથી ગુજરાત યુનિવર્સિટી, આનંદનગર, સેટેલાઈટ, ચાંદખેડા અને નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહન ચોરીના ભેદ ઉકેલાયા છે. આ ધરપકડથી વાહન ચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને શહેરીજનોએ રાહતનો શ્વાસ લીધો છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# ધજાળા: કાઠી ક્ષત્રિય સમાજનો પ્રથમ સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સાયલાના ઐતિહાસિક ધજાળા લોમેવધામ ખાતે સાયલા અને ચુડા તાલુકા કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા આયોજિત પ્રથમ 'સરસ્વતી સન્માન સમારોહ' સામાજિક ક્રાંતિનો સાક્ષી બન્યો હતો. લોમેવધામના મહંત પરમ પૂજ્ય શ્રી ભરતબાપુ ભગતના સાનિધ્યમાં અને લીંબડીના લોકપ્રિય ધારાસભ્ય તથા પૂર્વ કેબિનેટ મંત્રી કિરીટસિંહજી રાણાની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે ગુજરાતના ખ્યાતનામ મોટીવેશનલ સ્પીકર શૈલેષ સગપરિયાએ યુવા પેઢીને લક્ષ્ય નિર્ધારિત કરી સમાજનું નામ રોશન કરવા પ્રેરણા આપી હતી.

આ સમારોહમાં વર્ષ 2025-26 દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ અને સરકારી નોકરીઓમાં ઉચ્ચ પદ મેળવનાર પ્રેરણાદાયી યુવાનોનું સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગુજરાત કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ સત્યજીતકુમાર ખાચર, સુર્ય યુવા ગ્રુપના મુનાભાઈ વિંછીયા અને સમાજના ક્લાસ-1 અને 2 અધિકારીઓની હાજરીએ યુવાનોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. ધારાસભ્ય કિરીટસિંહ રાણાએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, સરકારની વિવિધ યોજનાઓ અને સમાજના સહયોગથી હવે આપણો યુવાન શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. કાર્યક્રમમાં નિવૃત્ત શિક્ષકો, ડોક્ટરો, માર્કેટિંગ યાર્ડના સદસ્યો અને સાયલા-ચુડા તાલુકાના સરપંચોએ ઉપસ્થિત રહી સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો હતો. મહાનુભાવોએ પરસ્પર સાથ-સહકારથી શિક્ષણનો વ્યાપ વધારીને સમાજને આર્થિક અને સામાજિક રીતે સુદ્રઢ બનાવવા અપીલ કરી હતી. પ્રવીણભાઈ ખાચરના મધુર સંચાલન અને લોકલ અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ યોજાયેલો આ કાર્યક્રમ કાઠી ક્ષત્રિય સમાજ માટે શિક્ષણની નવી દિશા ખોલનારો સાબિત થયો છે. આ ભવ્ય આયોજન બદલ સમગ્ર આયોજક ટીમ અને યુવા ગૃપને સમાજ દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

**રિપોર્ટ : કનુભાઈ ખાચર**








# યુવા ક્ષત્રિય ઠાકોર સેનાની ઐતિહાસિક ભવાની ધામ યાત્રા

**દૈનિક પલ્સ સમાચાર:** વર્ષ 2011થી સંઘર્ષ અને સંગઠનની વિચારધારા સાથે કાર્યરત યુવા ક્ષત્રિય ઠાકોર સેનાએ હવે મહેસાણા જિલ્લામાં પોતાની આક્રમક શક્તિનું પ્રદર્શન કર્યું છે. અધ્યક્ષ અભિજીતસિંહ બારડ દ્વારા ખેરાલુના મલેકપુરથી પવિત્ર યાત્રાધામ અંબાજી સુધી 'શ્રી ભવાની ધામ સંકલ્પ યાત્રા'નું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ યાત્રામાં 1008 ગાડીઓનો અભૂતપૂર્વ કાફલો જોડાતા સામાજિક એકતાના દર્શન થયા હતા.

મહેસાણા સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં બારડે સ્પષ્ટ કર્યું હતું કે, 'શ્રી ભવાની ધામ'નું નિર્માણ એ ઠાકોર સમાજને સામાજિક, શૈક્ષણિક અને રાજકીય રીતે સશક્ત કરવાનું એક મિશન છે. આ યાત્રા દ્વારા સમાજને એક મજબૂત 'પાવર હાઉસ' તરીકે પ્રસ્થાપિત કરવાનો ખુલ્લો પડકાર ફેંકવામાં આવ્યો છે. યાત્રા માર્ગ પર આંબાઘાટા ગામે ગ્રામજનો દ્વારા હર્ષોલ્લાસ સાથે યાત્રાનું સ્વાગત કરાયું હતું. કલાકાર મુકેશ ઠાકોર અને તેજલ ઠાકોરના સૂર અને લાઈવ ડીજેના તાલે યુવાઓમાં ભારે જોશ જોવા મળ્યો હતો. અભિજીતસિંહ બારડની આ પહેલે મહેસાણાના રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાઓ જગાવી છે. આ ઐતિહાસિક પહેલ દ્વારા ઠાકોર સેનાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે હવે સમાજ પોતાની હક્ક અને હિસ્સેદારી માટે સંપૂર્ણ સજ્જ છે. **રિપોર્ટ : વિષ્ણુ ઠાકોર**



**ખેરાલુથી અંબાજી સુધી 1008 ગાડીઓના કાફલા સાથે ભવાની ધામ સંકલ્પ યાત્રા યોજાઈ. ઠાકોર સમાજની શક્તિ અને સંગઠનનું ભવ્ય પ્રદર્શન.**

# ધજાળા: કાઠી ક્ષત્રિય સમાજનો પ્રથમ સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના ગૌરવશાળી કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા સાયલા અને ચુડા તાલુકાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ધજાળા ખાતે એક ઐતિહાસિક 'સરસ્વતી સન્માન સમારોહ' સંપન્ન થયો. આ પ્રસંગે લોમેવધામ મંદિરના મહંત પૂજ્ય ભરતબાપુના આશીર્વચન અને લીંબડી ધારાસભ્ય કિરીટસિંહ રાણાની પ્રેરક ઉપસ્થિતિએ કાર્યક્રમમાં નવી ચેતના પૂરી હતી. સરકારના 'બેટી બચાવો, બેટી પઢાવો'ના વિઝનને અનુરૂપ, સમાજે પણ દીકરીઓના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે આ મંચ પરથી સંકલ્પ લીધો હતો.

સમાજનું ગૌરવ વધારનાર IPS અધિકારીઓ, ડોકટરો, DySP અને કલેક્ટર જેવા ઉચ્ચ પદસ્થ અધિકારીઓએ પોતાની સફળતાની ગાથા વર્ણવી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. વક્તાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે શિક્ષણ એ જ સમાજની ઉન્નતિનું એકમાત્ર સાધન છે. સમાજના દીકરા-દીકરીઓ માત્ર અભ્યાસ જ નહીં, પરંતુ ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજમાન થઈ રાષ્ટ્ર સેવામાં યોગદાન આપે તેવા પ્રયાસો કરવાની જરૂરિયાત પર ભાર મુકાયો હતો.

પૂજ્ય ભરતબાપુએ સમાજ સુધારણાના ભાગરૂપે પ્રવર્તમાન સામાજિક નીતિ-નિયમોમાં સમયાનુસાર ફેરફાર લાવવા માટે પ્રેરક સૂચનો કર્યા હતા, જેને ઉપસ્થિત જનમેદનીએ સહર્ષ વધાવી લીધા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં ઉદયભાઈ ખાચર, વનરાજભાઈ ખાચર અને સમાજના શિક્ષકોએ રાત-દિવસ મહેનત કરી હતી. ભગીરથબાપુ ભગત દ્વારા કરવામાં આવેલ ઉત્કૃષ્ટ વ્યવસ્થાપન અને પ્રવીણભાઈ ખાચરના કુશળ સંચાલનને કારણે કાર્યક્રમ યાદગાર બન્યો હતો. મોટી સંખ્યામાં હાજર રહેલા સમાજના આગેવાનો, હોદ્દેદારો અને વિદ્યાર્થીઓએ આ સન્માન સમારોહને નવી દિશા આપનારો ગણાવ્યો હતો. આ આયોજન સાબિત કરે છે કે કાઠી ક્ષત્રિય સમાજ હવે પરંપરા સાથે આધુનિક શિક્ષણને અપનાવી પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે. **રિપોર્ટ : ડી.જી.જાડેજા**





# હુસેની મસ્જિદના ઇમામ સાહેબોને ઉમરાહ માટે આર્થિક મદદ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં હુસેની મસ્જિદના ઇમામ અને નાયબ ઇમામ માટે સ્થાનિક રહીશો અને લોકપ્રતિનિધિઓએ માનવતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઇમામ મૌલાના નજર જમાલ અશરફી અને નાયબ ઇમામ મોહમ્મદ સમી શેખ વર્ષોથી મસ્જિદમાં નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યા છે, પરંતુ નબળી આર્થિક પરિસ્થિતિને કારણે મક્કા-મદીનાની ઝિયારત (ઉમરાહ) કરવાનું તેમનું સ્વપ્ન અધૂરું હતું.

આ ઉમદા હેતુ માટે હુસેની મસ્જિદ કમિટી, સ્થાનિક મ્યુનિસિપલ કાઉન્સિલરો ઈકબાલ શેખ, ઝુલ્ફીખાન પઠાણ અને રૂકસાનાબેન ઘાંચી તથા સ્થાનિક જનતાએ સ્વૈચ્છિક ફાળો એકત્ર કરી બંને ઇમામ સાહેબોને ઉમરાહ માટે રવાના કર્યા હતા. યાત્રાના પ્રસ્થાન સમયે મુફ્તી સૈયદ સફી આલમ સાહેબ અને મૌલાના અઝાઝ સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં સૌએ દુઆ માંગી હતી. ગરીબ આવાસ યોજનાના રહીશોએ હર્ષોલ્લાસ સાથે તેમને વિદાય આપી હતી. આ પ્રસંગ માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સામાજિક એકતા અને સેવાભાવનાનું ઉત્કૃષ્ટ પ્રતીક બન્યો છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# DGPએ ડાકોર મંદિરે ધજા ચડાવી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવાના સંકલ્પ સાથે રાજ્યના ડી.જી.પી.એ ખેડા જિલ્લાના ડાકોરની મહત્વપૂર્ણ મુલાકાત લીધી હતી. આ પ્રવાસની શરૂઆત તેમણે પવિત્ર ડાકોર મંદિરમાં ઠાકોરજીના આશીર્વાદ મેળવી અને ધજા અર્પણ કરીને કરી હતી. પોલીસ વિભાગમાં શિસ્ત અને સમર્પણના પ્રતીક તરીકે તેમને પોલીસ સ્ટેશન ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. મુલાકાતનો મુખ્ય હેતુ ટેકનોલોજી અને સુરક્ષાનો સમન્વય કરવાનો હતો. તેમણે ડાકોર સ્માર્ટ પોલીસ સ્ટેશન ખાતે "મૈત્રી" પ્રોજેક્ટ અંતર્ગત એપ્લિકેશન મેનેજમેન્ટ સિસ્ટમ (AMS) ની ગહન સમીક્ષા કરી હતી. સરકારના ડિજિટલ ઇન્ડિયાના વિઝનને સાકાર કરતા આ પ્રોજેક્ટ દ્વારા પોલીસિંગને વધુ લોકોન્મુખ બનાવવાની તેમની નેમ છે. આગામી સુપ્રસિદ્ધ ફાગણ સુદ પૂનમના મેળામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે તેમણે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. શ્રદ્ધાળુઓ નિર્ભય બની દર્શન કરી શકે તે માટે મંદિર પરિસર અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષાના ચુસ્ત બંદોબસ્ત માટે તેમણે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવા માર્ગદર્શન આપ્યું હતું.

પોલીસ કર્મચારીઓના કલ્યાણ માટેના રાજ્ય સરકારના અભિગમને આગળ ધપાવતા, ડી.જી.પી.એ પોલીસ લાઈનની મુલાકાત લીધી હતી અને કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોના પ્રશ્નો સાંભળી તેને ઉકેલવાની ખાતરી આપી હતી. ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલ અને તેમની ટીમની કામગીરીને બિરદાવતા તેમણે ફરજ પ્રત્યે વધુ સજાગ રહેવા પ્રોત્સાહિત કર્યા હતા. આ મુલાકાતથી જિલ્લાના પોલીસ તંત્રમાં નવો ઉત્સાહ જોવા મળ્યો છે. રાજ્યમાં શાંતિ અને સલામતી જાળવવા માટે પોલીસ તંત્ર સજ્જ હોવાનો સંદેશ આ પ્રવાસ દ્વારા જનતામાં ગયો છે.

**રિપોર્ટ : હસમુખ નાયક**



**રાજ્યના DGPએ ડાકોર રણછોડરાયજીના દર્શન કરી ધજા અર્પણ કરી હતી. તેમણે સ્માર્ટ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ "મૈત્રી" પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી. આગામી ફાગણી પૂનમના મેળા સંદર્ભે કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમણે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.**